Friday 20, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### આજે કલેકટરને આવેદનપત્ર આપી ટ્રાન્સપોર્ટ એસો. રણનિતી નક્કી કરશે

## વાપીમાં ટોલ ટેક્ષ ઘટાડવા ચક્કાજામની ચીમકી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** હાઈવે પરના ટોલ બ્લોક નાબૂદ કરવાની માંગ કરી રહેલા ટ્રાન્સપોર્ટરોને ગુરુવારે મધરાતથી હાઈવે ઓથોરિટી તરફથી મોટો ફટકો પડ્યો છે. ટ્રાન્સપોર્ટ એસોસિએશને મધરાતથી ટોલ ટેક્સમાં વધારાના વિરોધની જાહેરાત કરી છે. શુક્રવારે એસોસિએશન ટોલ ટેક્સ વધારવાના વિરોધમાં કલેક્ટર અને હાઈવે ઓથોરિટીને આવેદનપત્ર આપશે. આ પછી આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે. આ અંગે વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશને જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી ટેક્સ વસૂલતા ઘણા ટોલ પોઈન્ટને બંધ કરવાની માંગ કરી રહ્યા છે. પરંતુ તેના બદલે ટોલ ટેક્સમાં ૬૦થી ૮૦ ટકાનો વધારો કરીને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. આ આદેશ સામે ગુરુવારે સાંજે અધિકારીઓએ એસોસિએશન હોલમાં બેઠક યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે નેશનલ હાઈવે નંબર ૪૮ પર નવસારીના બોરીયાચ, બગવાડા, તલાસરી અને મનોરનો ટોલ ટેક્સ વધારવામાં આવશે. જે બાદ હળવા વાહનોનો ટોલ ટેક્સ ૧૨૫ રૂપિયાથી વધીને ૨૦૦ રૂપિયા, ટ્રકનો ૨૫૫ રૂપિયાથી વધીને ૪૨૦ રૂપિયા અને અન્ય મોટા વાહનોનો ટોલ ટેક્સ રૂપિયા ૪૧૦થી વધીને ૬૫૫ રૂપિયા થઈ જશે. ટ્રાન્સપોર્ટ એસોસિએશનના હાજર સભ્યોએ જણાવ્યું હતું કે, આજકાલ અમદાવાદ-મુંબઈ વચ્ચેના વાહનનો ટોલ ટેક્સ રૂા. ૩૩૦૦ છે તો તે વધીને રૂા. ૫૦૦૦ની આસપાસ જશે.

એસોસિએશનના પૂર્વ પ્રમુખ અરવિંદ શાહે જણાવ્યું હતું કે ચાર મહિનાથી રસ્તાઓની હાલત ખરાબ છે. અમદાવાદ-મુંબઈ વચ્ચેના હાઈવે પર ખાડાઓમાંથી રસ્તો શોધવો પડે છે. પરંતુ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રી અને હાઈવે ઓથોરિટી તેમની હાલત સુધારવાને બદલે ટોલ ટેક્સ વધારીને વાહન માલિકોની મુશ્કેલીમાં વધારો કરી રહી છે. એસોસિએશનના અધિકારી નવરતન મિશ્રાએ પણ કહ્યું હતું કે, રસ્તાઓની ખરાબ હાલતને જોતા હાઈવે ઓથોરિટીને ટોલ ટેક્સ વધારવાનો અધિકાર હોવો જોઈએ નહીં. છેલ્લા કેટલાય મહિનાઓથી વાહનવ્યવહાર અને વાહનમાલિકો ખાડાઓના કારણે અકસ્માતો અને વાહનોની વધેલી જાળવણીના કારણે સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. રોડની હાલત સુધર્યા બાદ પહેલા ટેક્સ વધારવાનો વિચાર કરવો જોઈએ.

આ અંગે વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ ભરત ઠક્કરે જણાવ્યું હતું કે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પ્રત્યે સરકાર અને સ્થાનિક આગેવાનોની ઉદાસીનતા અંગે પોતાની પીડા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે જિલ્લાના સાંસદને લોકસભામાં ડેપ્યુટી વ્હીપ બનાવવામાં આવ્યા છે. અહીંના ધારાસભ્ય ગુજરાતના નાણામંત્રી છે. પરંતુ ટ્રાન્સપોર્ટરોની સમસ્યા અંગે અવાજ ઉઠાવનાર કોઈ નથી. જ્યારે તેઓ તેમની સમસ્યાઓ પર પોતાનો અવાજ ઉઠાવવા માંગે છે, ત્યારે તેમના પર એમ કહીને દબાણ કરવામાં આવે છે કે આમ કરવાથી સ્થળની છબી ખરાબ થશે. તેમણે કહ્યું કે બગવાડા ટોલ નાકા પર ટેક્સ કલેક્શન ૨૦૦૮થી ૨૦૨૨ સુધી હતું. આ પછી તેને નાબૂદ કરી દેવો જોઈતો હતો અથવા માત્ર ૪૦ ટકા ટેક્સ લેવો જોઈતો હતો. ભૂતકાળમાં પણ એસોસિએશને વેરા વસૂલાત સામે વિરોધ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે આજે હાઈવે પર માત્ર કોંક્રીટ જ દેખાય છે અને ડામર ધોવાઈ ગયો છે. જેના કારણે અકસ્માતો અને વાહન તુટી જવાના કિસ્સાઓ વધ્યા છે.

**ફ્લેટ વેચવાનો છે**
**આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે. ૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ ફર્નિચર સાથે**
**મો.નં. - 98252 68389**




## આજથી ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનકર થ્રીડીની ત્રણ દિવસીય મુલાકાતે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૯ :** ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ૨૦થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસીય મુલાકાત લેશે. ઉપરાષ્ટ્રપતિની આ કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ મુલાકાત હશે.

આ પ્રવાસ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ અનેક મુખ્ય માળખાકીય સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સની મુલાકાત લેશે અને ઉદ્ઘાટન કરશે. ૨૦ સપ્ટેમ્બરના રોજ દમણ ખાતે ધનખડ જમ્પપોર ખાતે એવિઅરિ (પક્ષીશાળા)નું ઉદ્ઘાટન



કરશે. તેઓ જમ્પપોરમાં આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, સરકારી એન્જિનિયરિંગ કોલેજ અને રીંગણવાડા પંચાયત અને રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

૨૧ સપ્ટેમ્બરના રોજ ધનખડ દાદરા અને નગર હવેલીમાં સિલવાસા સ્થિત નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લેશે. જ્યાં તેઓ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. તેઓ ડોકમર્ડી ઓડિટોરિયમ ખાતે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજિત જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપશે.

બીજા દિવસે બપોરે ઉપપ્રમુખ દીવમાં સ્થાનિક પંચાયતો અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે. વધુમાં ધનખડ ખુખરી વેસલ અને દીવના કિલ્લા સહિત મુખ્ય સ્થળોની મુલાકાત લેશે. ૨૨ સપ્ટેમ્બરે ઉપરાષ્ટ્રપતિ દીવમાં ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ અને ઘોઘલા ટેન્ટ સિટીની મુલાકાત લેશે. તેઓ ઘોઘલામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ફ્લેટ્સ અને દીવમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. ધનખડ તેમના પ્રવાસના અંતિમ દિવસે દીવમાં કેવડી ખાતેના એજ્યુકેશન હબની પણ મુલાકાત લેશે.






# અન્ય સમાચારો

Friday 20, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## ડાંગમાં ૩૫૨૩ લાખના ૮૩.૨૪ કિલોમીટરના ૩૦ માર્ગો મંજૂર થયા

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૯ :** ડાંગ જેવા દુર્ગમ પ્રદેશમા ગ્રામીણ પ્રજાજનોની સુખાકારી માટે સતત ચિંતિત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, જુદા જુદા ૩૦ જેટલા અંતરિયાળ માર્ગો માટે જોબ નંબર ફાળવાયા છે. ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લાના ગ્રામ્ય પ્રજાજનોની લાગણી અને માંગણીનો સ્વીકાર કરતા રાજ્ય સરકારે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪/૨૫ માટે કુલ રૂ.૩૫૨૩ લાખના ખર્ચે ૮૩.૨૪ કિલોમીટરના ૩૦ માર્ગો મંજૂર કર્યા છે. આ માર્ગોનું રિસરફેસિંગ તથા મજબૂતિકરણ અને સ્ટ્રક્ચરની કામગીરી થતા વાહન માલિકોને મોટી રાહત મળી રહેશે.

જે માર્ગોના કામો મંજૂર થયા છે તેમા, (૧) આહવા તાલુકાના ૬ માર્ગો, (૨) વઘઇ તાલુકાના ૧૪ માર્ગો અને (૩) પૂર્વપટ્ટીના સરહદી સુબીર તાલુકાના ૧૦ માર્ગોનો સમાવેશ કરાયો છે.

## ડાંગ જિલ્લા માહિતી કચેરીની નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૯ :** ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલે, ડાંગ જિલ્લા માહિતી કચેરીની આકસ્મિક મુલાકાત લીધી હતી.

આહવા સ્થિત PWD કોલોની ખાતે કામચલાઉ ધોરણે કાર્યરત જિલ્લા માહિતી કચેરીની મુલાકાત દરમ્યાન, નાયબ મુખ્ય દંડકએ માહિતી અને પ્રસારણ વિભાગની રોજ બરોજની કામગીરીની જાણકારી મેળવી, આહવા ખાતે નવા માહિતી ભવન બાંધકામની ચાલી રહેલી કાર્યવાહી સંબંધિત વિગતો મેળવી હતી.

દરમ્યાન સહાયક માહિતી નિયામક મનોજ ખેંગારે મહાનુભાવોનુ પુષ્પગુચ્છ વડે સ્વાગત કરી, તેમને આવકાર્યા હતા.

નાયબ મુખ્ય દંડક સાથે ગુજરાત પ્રવેશ આદિજાતિ મોર્ચાના પ્રદેશ મંત્રી સુભાષભાઈ ગાઈન તથા 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમના ડાંગ જિલ્લાના નોડલ દિનેશભાઈ ભોયે સહિતના મહાનુભાવોએ પણ જિલ્લા માહિતી કચેરીની મુલાકાત લઈ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## આહવાના નાંદનપેડા ગામે પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૯ :** પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ, રાજ્યના તમામ જિલ્લાઓમા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામા આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા, અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામા આવી રહી છે.

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ગોંડલવિહીર ક્લસ્ટરમા સમાવિષ્ટ નાંદનપેડા ગામમા પણ, તાજેતરમા આવી જ એક પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમા કુલ-૨૬ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામા આવી હતી.

આ તાલીમમા માસ્ટર ટ્રેનર પ્રકાશભાઇ અને વિજયભાઇ રાઉત દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામા આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામા આવ્યા હતા.

## વટારની દેસાઈ હાઈસ્કુલમાં વાલી મીટીંગનું આયોજન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૧૯:** એસ.એસ.બી .ડી. દેસાઈ હાઈસ્કુલ, વટારમાં પ્રથમ સત્રાંત વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાલી મિટિંગમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીમિત્રો તેમજ શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ તેમજ શાળાના આચાર્ય ડો.નિખિલભાઈ કે. પટેલ શાળામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા ડો. નિખિલભાઈ કે. પટેલે ઉપસ્થિત વાલીઓને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે વાલીઓએ સતત જાગ્રત રહી શાળાના સંપર્કમાં રહેવું જોઈએ એ વિષય પર વિશેષ વક્તવ્ય આપ્યું તેમજ બાળકોના શાળા સમય પછીના અભ્યાસ પર તેમના માતા પિતા કઈ રીતે ધ્યાન આપી શકે છે તે માટેના જરૂરી સૂચનો પૂરા પાડ્યા હતા. શાળાના સુપરવાઇઝર રીટાબેન પટેલે બોર્ડના વિદ્યાર્થીઓ માટે વાલીઓએ કેટલું સજાગ રહેવું પડશે એ વિશેષ સમજૂતી વાલીગણને પૂરી પાડી હતી.

વાલી મીટીંગ સમગ્ર સંચાલન શાળાની શિક્ષિકા કાજલબેન હળપતિએ કર્યું હતું. તેમજ શાળાના અન્ય શિક્ષકો પણ વાલી મીટીંગને સફળ બનાવવા માટે સહભાગી થયા હતા.

શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ વાલી મિટિંગમાં ઉપસ્થિત થયેલા તમામ વાલીઓને આભાર માન્યો હતો.

## નવસારીની જે જે પ્રા. સ્કૂલમાં વર્ષાગીતની હરિફાઈ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૯ :** ગુરુવાર: નવસારીની સર જે. જે. પ્રાયમરી સ્કૂલમાં સિનિયર કે.જી. નાં બાળકો માટે વર્ષાગીત ગાવાની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિફાઈ અંતર્ગત બાળકોએ સુંદર વર્ષાગીત તૈયાર કર્યા હતા. બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં વર્ષાગીત ગાયા હતા.

બાળકો એ સુંદર અવાજમાં તાલબધ્ધ ગીતો ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના નિણાયક તરીકે શાળાના જ સંગીત શિક્ષિકા આશ્લેષાબેન મિસ્ત્રીએ સેવા બજાવી હતી. બાળકોને તેમની ગીતની રજૂઆત અભિનય તથા તેમના રાગરાગીણી નાં આધારે તેમને પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા આશ્વાસન નંબર મહેર કરી તેમને સર્ટીફિકેટ થી સમ્માનિત કર્યાં હતાં અને આ રીતે સંગીતમય વાતાવરણમાં સમગ્ર કાર્યક્રમ આટોપી લેવામાં આવ્યો હતો. આચાર્યાએ પણ બાળકોને તથા શિક્ષકોને આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા

## વલસાડમાં પ્રધાનમંત્રીના જન્મદિવસે વૈદિક યજ્ઞ યોજાયું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન અનુસાર દક્ષિણ ગુજરાતના ઝોન કો - ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે અને ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવના નેતૃત્વમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૪માં જન્મદિવસની ભવ્ય ઉજવણી વૈદિક યજ્ઞ સાથે કરવામાં આવી હતી. જેમાં મોદીજીને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને યશસ્વી થવા માટે શુભકામનાઓ આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં અલગ અલગ તાલુકા વાપી, ધરમપુર, પારડી અને વલસાડમાં અલગ અલગ જગ્યાએ એમ કુલ ૬ સ્થળે યજ્ઞ કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ, ટ્રેનર્સ, સાધકો અને અન્ય લોકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ યજ્ઞના માધ્યમ થી પ્રધાનમંત્રી મોદીજીને બર્થ ડે સોંગ ગાઈ ચોકલેટ અને મીઠાઈ વહેંચી હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

## નવસારી જિલ્લામાં યોગવર્ગમાં સામુહિક સફાઈ અભિયાન હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૯ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સફાઈ અભિયાનમાં આજરોજ દરેક યોગ વર્ગમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. નવસારી જિલ્લામાં વાજપેય ગાર્ડન ખાતે મુખ્ય અતિથિ તરીકે પ્રદેશ મંત્રી શીતલબેન સોની જોડાયા હતા. સ્વચ્છતા હી સેવા અંતર્ગત આપણું ઘર આંગણુંથી લઈ અને જાહેર રસ્તાઓની પણ સફાઈ થાય એ હેતુ એ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સમગ્ર ગુજરાતમાં સફાઈ અભિયાન ચાલી રહ્યું છે. આજરોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચાલતા યોગ વર્ગમાં આજુબાજુના વિસ્તારમાં સફાઈ કરાવવામાં આવનાર હતી. જેમાં નવસારી જિલ્લાના તમામ ૧૦૦ જેટલા યોગ વર્ગમાં પણ આજે સફાઈનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમં નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી જિલ્લા નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. યોગ બોર્ડ દ્વારા સ્વચ્છ નવસારીનો સંદેશ તમામ નાગરિકોને આપ્યો હતો. તથા સ્વચ્છતા જ સમૃદ્ધિ લાવી શકે છે એ હેતુથી લોકજાગૃતિ લાવામાં આવી હતી. આ કાર્યકમમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. સફાઈ કામગીરીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નવસારી જિલ્લા યોગ કોર્ડીનેટર ગાયત્રીબેન તલાટી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજી, ઓ.એસ.ડી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય બોર્ડની ટીમનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

## દમણ રેડિયો

**102.3 FM**

શુક્રવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી ) ૦૬.૦૫ -અર્થના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ -અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫ - કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦ -અમદાવાદના કાર્યક્રમ ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ . ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૧૦.૩૦-થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૦.૦૦-હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર, ૦૨.૪૦ - સુગમ સંગીત.

**સાંજ :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG) ૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત ૦૫.૦૦ - વિવધ ભારતી -૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ (દમણથી) ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ ગુજરાતી સમાચાર, રાત્રે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદ નાં કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી ૧૧.૧૦ - સભા સમાપન

સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન હેઠળ

## વલસાડના અતુલ ફાઉન્ડેશન દ્વારા ૯૦ ગામ સાથે એમઓયુ કરાયા

**ડોર ટુ ડોર કચરો કલેક્શન કરી જૈવિક અને અજૈવિક કચરો છૂટો પાડી તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાશે**



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લામાં તા.૧૪મી સપ્ટેમ્બર થી શરૂ થયેલું સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન આગામી તા. ૨જી ઓક્ટોબર -૨૦૨૪ સુધી ચાલનાર છે. જેની થીમ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા છે. જેનો ઉદેશ્ય વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવવાનો છે. જે અંતર્ગત તાઃ ૧૭/૦૯/૨૦૨૪ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે વલસાડ જિલ્લાના કુલ-૯૦ ગામોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અતુલ ફાઉન્ડેશન અને વલસાડ જિલ્લાના ૫ તાલુકાઓમાં ધરમપુરના ૩૭, કપરાડાના ૨૫, પારડીના ૫, ઉમરગામના ૪ અને વલસાડના ૧૯ મળી કુલ ૯૦ ગામોમાં સ્વચ્છ ભારત મિશન-(ગ્રા) યોજનાનો પ્રચાર-પ્રસાર, ડોર ટુ ડોર કલેક્શન કરી જૈવિક અને અજૈવિક કચરો સેગ્રીગેટ કરી છૂટો પાડવો અને તે કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવાની કામગીરી કરવા માટે અતુલ ફાઉન્ડેશન સાથે MoU કરવામાં આવ્યા છે.

આ MOU થી વલસાડ જિલ્લાના ગામોમાં ટકાઉ ઘન કચરા વ્યવસ્થાપનની વેલ્યૂ ચેઈનનું નિર્માણ કરવામાં આવશે.

## વલસાડમાં તાલુકા કક્ષાના વિવિધ સ્થળોથી સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** સમગ્ર રાજયમાં સ્વચ્છતા બાબતે જનજાગૃતિ ફેલાવવા, નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ લોકોમાં સ્વભાવ સ્વચ્છતા- સંસ્કાર સ્વચ્છતાના સૂત્રને ચરિતાર્થ કરવાના હેતુથી તા.૧૭/૦૯/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમની શરૂઆત થઈ છે. જિલ્લામાં તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ વલસાડ તાલુકાનાં ડુંગરી ગામે ખાતેથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. 'સ્વચ્છતા હી સેવા' અભિયાન થકી ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં જનભાગીદારીથી સ્વચ્છ અને સુઘડ બનાવવામાં આવશે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે ધારાસભ્ય રમણલાલ પાટકર, તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ, કર્મચારીઓ અને ગામ આગેવાનો દ્વારા, કપરાડા તાલુકાના કપરાડા ગ્રામ પંચાયત ખાતે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ, તલાટી કમ મંત્રી, કર્મચારીઓ અને ગામલોકો દ્વારા, ધરમપુર તાલુકાના પંગારબારી ગામમાં સંરપચ દ્વારા, પારડી તાલુકાના ડુંગરી ગામ ખાતે સરપંચ દ્વારા, તેમજ વાપી તાલુકાના છરવાડા ગામમાં તાલુકા પ્રમુખ અને સંરપચ દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ કાર્યકમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



જેમાં સફાઈ, રેલી, શપથ જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.

દમણગંગા ટાઈમ્સ
NEWS
CORPORATE NEWS

## યુટીઆઈમિડ કેપ ફંડ : માર્કેટમાં વૃદ્ધિની સંભવિત તકોનો આનંદ માણો

**સુરત, તા. ૧૯ :** યુટીઆઇ મિડ કેપ ફંડ એ એક ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે જે મુખ્યત્વે મિડ કેપ કંપનીઓમાં રોકાણ કરે છે. આ ફંડ -દર્શન અથવા કાર્યક્ષમતાને અવગણ્યા વિના માંગ અને વૃદ્ધિમાં વધારો કરતા બિઝનેસ મૉડલ અને લાંબા સમય માટે વિકાસ કરવાની ક્ષમતા ધરાવતી કંપનીઓમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ફંડ એ કંપનીઓમાં પણ રોકાણ કરે છે જેમનો વેપાર અલ્પકાલિક અસફળતા અથવા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. આ ફંડ નાણાકીય સ્થિરતા અને સમય-સમય પર માર્જિન ટકાવી રાખવાની સંભાવના ધરાવતા વ્યવસાયોને પસંદ કરવા માટે પ્યોર બોટમ-અપ સ્ટોક સિલેકશનનો અભિગમ અપનાવે છે. આ ફંડ વિવિધ ક્ષેત્રો અને ઉદ્યોગોને આવરી લેતા લગભગ ૮૫ સ્ટોક સાથે વૈવિધ્યસભર પોર્ટફોલિયો પણ ધરાવે છે. આ ફંડ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં તેની એસેટ્સ અંદર મેનેજમેન્ટ રૂ. ૧૨,૬૪૦ કરોડથી વધુ છે. આ ફંડ -ોડક્ટના લેબલ પરની માહિતી સચોટ રીતે -દર્શિત કરે છે અને તેથી, બધા તબક્કે પોર્ટફોલિયોમાં ૮૫-૯૦ ની રેન્જ ધરાવતી મિડ કેપ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરવાનું પસંદ કરે છે. ફંડે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં મિડ-કેપ કંપનીઓમાં આશરે ૬૯, સ્મોલ કેપ કંપનીઓમાં ૨૬ અને બાકીનું લાર્જ-કેપ કંપનીઓમાં રોકાણ કર્યું છે. આ ફંડ દ્વારા ફોનિક્સ મિલ્સ લિ., પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ લિ., વોલ્ટાસ લિ. .,અલ્કેમ લેબોરેટરીઝ લિ., ભારત ફોર્જ લિ., ઓઈલ ઈન્ડિયા લિ., કોફોર્જ લિ., અજંતા ફાર્મા લિ., પીબી ફિનટેક લિ. અને પોર્ટફોલિયોના રોકાણોમાં લગભગ ૨૦ હિસ્સો ધરાવતા પોલીકેબ ઈન્ડિયા લિ. માં રોકાણ કર્યું છે.




## આજનું પંચાગ

**તા.** ૨૦-૦૯-૨૦૨૪, **વારઃ** શુક્રવાર, **તિથિઃ** ત્રીજ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૪ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૮ **ચંદ્રરાશિઃ** મેષ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ- તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો- આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો- જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

## જિલ્લાના ગામોમાં સ્વચ્છતા અંગે સંસ્થાઓ સાથે ડીડીઓની બેઠક



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેકટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામ્ય હેઠળ ''સ્વચ્છતા હી સેવા'' કેમ્પેઈન અંતર્ગત NGO (નોન ગવરમેન્ટ ઓર્ગેનાઈઝેશન) સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તમામ NGOની ભાગીદારી સાથે વલસાડ જિલ્લાના તમામ ગામોને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે નક્કી કરેલી CTUs ( Cleaness Target Units) ની સાફ સફાઈ કરી સ્વચ્છતાલક્ષી વિવિધ પ્રવુત્તિમાં સહભાગી બનવા અપીલ કરી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા સ્વચ્છ ભારત મિશન- ગ્રામ્ય અને સ્વચ્છતા હી સેવા કેમ્પેઈન બાબતે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાના સૂત્ર સાથે તમામ ગામોને સ્વચ્છ બનાવવા અને નક્કી કરેલા CTUs ( Cleaness Target Units) ની સાફ-સફાઈ કરવા તેમજ ગામોમાં વિવિધ IEC પ્રવુત્તિ કરી ગામોને સ્વચ્છ બનાવવા તમામ NGO દ્વારા ખાતરી આપવામાં આવી હતી. સ્વચ્છતા બાબતે અધિકારીઓ દ્વારા વિવિધ સૂચનો આપવામાં આવ્યા હતા.

## ધરમપુરમાં અખિલ ભારતીય અગ્રવાલ સમ્મેલનની પ્રદેશ કારોબારી બેઠક મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** અગ્રણી વૈશ્ય સમાજ અગ્રવાલ સમાજનો ભારતનું સૌથી મોટું સંગઠન અખિલ ભારતીય અગ્રવાલ સમ્મેલન પોતાની આગામી પ્રદેશ કારોબારી સમિતિની મિટિંગ ધરમપુરની બી.આર. ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તારીખ ૨૨/૯/૨૦૨૪ નાં રવિવારે સવારે ૧૧ કલાકેથી રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ અગ્રવાલ નાં અધ્યક્ષસ્થાને મળી રહેલ છે. આ મિટિંગમાં પ્રદેશ સંગઠનમાં નિયુક્તિઓ અંગે ચર્ચા કરવામા આવનાર છે. મિટિંગમાં સમાજમાં દુષણ બનતું જતું પ્રિવેન્ડિગં શૂટિંગના પ્રતિબંધનો ઠરાવ પસાર કરવામાં આવનાર છે. જ્યારે આ મિટિંગમાં પ્રદેશ મહામંત્રી શરદ અગ્રવાલ (અમદાવાદ) ઓડિટરની નિયુક્તિ, ગત સભાની કાર્યવાહીનું વાંચન તથા મંજૂરી ની દરખાસ્ત, પ્રગતિ રિપોર્ટ તથા આગામી કાર્યક્રમો વગેરે રજૂ કરશે. જ્યારે મહિલા પ્રદેશ પ્રમુખ પુષ્પા બિન્દલ તથા યુવા પ્રદેશ પ્રમુખ સુનીલ ગોયલ એમના વિભાગની માહિતી પ્રસ્તુત કરશે. મિટિંગમાં પ્રદેશ પ્રમુખ રામકરણ બાજારી, પ્રદેશ મહામંત્રી પરસોત્તમ અગ્રવાલ અન્ય પ્રદેશ પદાધિકારીઓ સહિત ગુજરાતભરના વિવિધ અગ્રવાલ સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ મિટિંગ વલસાડ અગ્રવાલ સમાજ નાં યજમાન પદે મળી રહી છે. ધરમપુરનાં પુખરાજ ધ્યાયવાલા તથા વલસાડની ટીમ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. ધર્મરાજ યુધિષ્ઠિરનાં સમકાલીન મહારાજા અગ્રસેનની રાજધાની અગ્રોહા (હરિયાણા) અગ્રોહા ધામ માં અખિલ ભારતીય અગ્રવાલ સમ્મેલન ૫૦૦ કરોડનાં ખર્ચે કુળદેવી મહાલક્ષ્મી માતાજીનું ભવ્ય મંદિરનું નિર્માણ કરી રહ્યું છે.

## વલસાડ જિલ્લાના ગામડાઓમાં સ્વચ્છતા અંગે અભિયાન હાથ ધરાયુ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લામાં ૧૪મી સપ્ટેમ્બર થી ૨જી ઓક્ટોબર -૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા (લ૯) કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી છે. સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવાશે. આજ રોજ તાઃ-૧૯/૦૯/૨૦૨૪ના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત ધરમપુર તાલુકાનાં શેરીમાળ ગામે સફાઈ અભિયાન, સ્વચ્છતા રેલી અને સ્વચ્છતા અંગેને શપથ લેવામાં આવ્યા હતા. કપરાડા તાલુકાના આમધા ગામે સફાઈ, સ્વચ્છતા રેલી, શપથ અને બાળકોને તંદુરસ્ત રહેલા માટે યોગાનું મહત્વ સમજાવવામાં આવ્યં હતું. પારડી તાલુકાનાં તરમાલિયા ગામે સાફ-સફાઈ, વૃક્ષારોપણ સ્વચ્છતા શપથ અને સ્વચ્છતા અંગેની સમજણ જેવી પ્રવુત્તિઓ કરવામાં આવી હતી. ઉમરગામ તાલુકાનાં સરોંડા ગામમાં સાફ-સફાઈ, નિબંધ સ્પર્ધા, રંગોળી અને સ્વચ્છતા રેલી કાઢવામાં આવી હતી. વલસાડ તાલુકાના મેહ ગામ ખાતે વૃક્ષારોપણ, રેલી, નિબંધ સ્પર્ધા જેવી વિવિધ પ્રવુત્તિઓ કરવામાં આવી હતી. વાપી તાલુકાનાં કરાયા ગામે સ્વચ્છતા અંગેના શપશ અને સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવામાં આવી હતી. આમ, તમામ તાલુકાઓ દ્વારા ગામોમાં સ્વચ્છતાનો સંદેશ લોકો સુધી પહોંચે અને લોકો સ્વચ્છતા બાબતે જાગૃત બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## આહવામાં દિવ્યાંગજનોને નિઃશુલ્ક સાધન સહાયનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૯ :** ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હસ્તકના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા ૭૫ સામાજિક અધિકારીતા શિબિરોના માધ્યમથી, દિવ્યાંગજનો માટે ભારત સરકારની 'એડીપ' યોજના હેઠળ શ્રેર્ણીબદ્ધ નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પનુ આયોજન કરાયુ છે. આ કાર્યક્રમો અંતર્ગત ડાંગ જિલ્લાના આહવા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને 'એડીપ' યોજના હેઠળ, દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સાધન વિતરણનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ પ્રસંગે દિવ્યાંગજનોને આપવામા આવતા સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા વિજયભાઇ પટેલે જણાવ્યુ હતુ. આ સાથે ડાંગ જિલ્લાના અન્ય દિવ્યાંગજનોની નોંધણી કરી, તેઓને પણ આવા સાધનો ઉપલબ્ધ થાય ટેવ સુચન પણ તેમણે આ વેળાએ કર્યુ હતુ.

આ કેમ્પમા દિવ્યાંગ લાભાર્થીઓને રાઇઝ ટ્રાઇસિકલ, ટ્રાઇસિકલ, કુત્રિમ હાથ પગ, સ્માર્ટ કેન, કાનનુ મશીન, મોબાઇલ, સી.પી.ચેર, વ્હીલચેર જેવા સાધનોનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા કુલ ૨૭૮ જરૂરિયાતમંદ લાભાર્થીઓને કુલ ૩૫ લાખથી વધુની રકમના ૪૫૬ જેટલા વિવિધ સાધનોનુ વિતરણ કરવામા આવ્યુ છે.

જેમા આહવા તાલુકાના ૧૩૬ લાભાર્થીઓને ૨૩૫ સાધનો રૂ.૧૬ લાખ ૪૨ હજાર ૨૮૮ ના ખર્ચે, સુબીર તાલુકાના ૭૫ લાભાર્થીઓને ૧૩૬ સાધનો રૂ. ૮ લાખ ૪૧ હજાર ૯૬૨ ના ખર્ચે, અને વઘઇ તાલુકાના ૬૭ લાભાર્થીઓને ૧૨૧ સાધનોનુ રૂ. ૯ લાખ ૩૩ હજાર ૧૫૩ના ખર્ચે એલીમકો-ઉજ્જૈનન તથા ડાંગ જિલ્લા વહિવટી તંત્રના સહયોગથી વિતરણ કરવામા આવ્યુ છે. આ કાર્યક્રમમાં પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી સુભાષભાઇ ગાઇન, ભાજપા મહામંત્રી દિનેશભાઇ ભોયે તથા તેમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## વાપીની રોફેલ કોલેજમાં પારિતોષિક સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપીની રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળી રહે એ હેતુસર રોફેલ પરિવારના અધ્યાપકો તરફથી કાયમી ધોરણે જાહેર થયેલ પારિતોષિક, એનર્જી ક્લબ ઓફ વાપી દ્વારા થયેલ વિવિધ સ્પર્ધા, અર્થશાસ્ત્ર ફોરમ સાહિત્ય વર્તુળ એનએસએસ, રમતગમત, CCC પરીક્ષા, બ્યુટી કેર અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃત્તિ અને ગુરુ-પૂણિમા માં થયેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને જીનલ ભટ્ટ (વન વિભાગ અધિકારી) ના હસ્તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, ટ્રોફી અને મેડલ એનાયત કરાયા. આ કાર્યક્રમમાં અભિવાદન અને વેલકમ સ્પીચ કોલેજના પ્રિ. ડો.એચ.એ.દેસાઈ, સંચાલન ડો. એ.એલ. ટંડેલ અને ડો. જે.પી પટેલે, કાર્યક્રમની શરૂઆત પ્રા.મુકેશભાઈ થાનકીએ પ્રાર્થનાથી કરી અને આભારવિધિ ડો.એમ. યુ. દરુએ કરી હતી.



શ્રી દૈવગ્ય સમાજ દમણ દ્વારા પવિત્ર જનોઈ બદલવાનો કાર્યક્રમ વર્ષોથી દર વર્ષે અનંત ચતુર્થીના દિવસે ભીડભંજન દેવાલયના પ્રાંગણમાં પૂજા થાય છે અને ત્યારબાદ શ્રી દૈવગ્ય સમાજ દમણ હોલ ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૂજામાં પિતૃઓને તર્પણ અર્પણ કર્યા બાદ પવિત્ર જનોઈને બદલવામાં આવે છે.

## દમણમાં મફત નેત્ર ચકાસણી કેમ્પ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર ભાજપ દ્વારા દેશભરમાં સેવા સપ્તાહ અભિયાન ચલાવાય રહ્યો છે. સંઘપ્રદેશ દાનહ અને દમણ દીવ ભાજપના ઉપપ્રમુખ યુવા નેતા નવીન ભાઈ રમણ ભાઈ પટેલ દ્વારા આ અવસરે એક મફત નેત્ર ચકાસણી કેમ્પ તેમજ મફત ચશ્મા વિતરણનો કાર્યક્રમ દમણ જીલ્લાં ના દલવાડા ખાતે આવેલા ખત્રી બાપાના મંદિર પરિસરમાં રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સેવા આપનાર ડોક્ટર તેમજ સ્વાસ્થ્ય કર્મચારીઓ નિતેશ પ્રવીણ માછી, પ્રવીણ શાંતુ માછી અને કીર્તિ નિતેશ માછી દ્વારા ઉપસ્થિત રહીને સેવાઓ આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો દ્વારા આ કેમ્પની સેવા લેવામાં આવી હતી. તેમજ ઉપસ્થિતો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને સેવા પખવાડિયા અંતર્ગત વલસાડ નગરપાલિકા સંચાલિત સરકારી હોસ્પિટલમાં ફળ, બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ભાજપ શહેર પ્રમુખ કંદર્પ ભાઈ દેસાઈ, મહામંત્રી ધર્મિનભાઈ શાહ, માજી નગરપાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન), નેપાબેન શાહ, માજી નગરપાલિકા સભ્ય સતીષભાઈ પટેલ, ભાજપ પાર્ટીના આઈ.ટી.સેલ વલસાડ શહેર ઈન્ચાર્જ/ સહ ઈન્ચાર્જ અમીતભાઈ પાનવાલા, પ્રિતેશભાઈ પ્રજાપતી, એસ.ટી મોરચાનાં ભાવેશભાઈ પટેલ, સંગઠન શહેરનાં પાર્થિવ ભાઈ મરજાદી ઉપસ્થિતિ રહ્યાં હતા.

## દમણ અને દીવની સહકારી બેંક પાર્ટીશન લેણાંની વસૂલાત કરવામાં સફળ રહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** દમણ અને દીવ રાજ્ય સહકારી બેંકને ૧ એપ્રિલ ૨૦૧૭ ના રોજ ગોવા રાજ્ય સહકારી બેંકમાંથી વિભાજિત કરવામાં આવી હતી. ત્યારબાદ બેંકના તમામ પ્રયાસો છતાં, વિભાગના રૂ. ૧૦૨ કરોડના લેણાં બહાર પાડવામાં આવ્યા ન હતા. ગોવા સ્ટેટ કો-ઓપરેટિવ બેંક તરફથી. આ પછી, કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસક પ્રફુલ્લ પટેલજીએ આ બાકી રકમ પરત મેળવવા માટે ગોવાના મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ સાથે આ મુદ્દા પર ચર્ચા કરી અને કેન્દ્ર સરકારના સ્તરે આ મુદ્દો ઉઠાવ્યો. દમણ અને દીવ સહકારી બેંકના પ્રબંધકના સતત પ્રયાસો બાદ ૧૦૨ કરોડ ૩.૯૨ કરોડ રૂપિયાનો છેલ્લો હપ્તો પણ બેંકને ટ્રાન્સફર કરવામાં આવ્યો.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩ વર્ષમાં વહીવટદારના કાર્યક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દમણ અને દીવ રાજ્ય સહકારી બેંક માત્ર ખોટમાંથી નફામાં જ નથી બદલાઈ પરંતુ તેના લોન અને ડિપોઝીટના વ્યવસાયમાં પણ વધારો કર્યો છે. બેંકે ભારતીય રિઝર્વ બેંકના તમામ પરિમાણોનું પાલન કર્યું છે જેના પરિણામે બેંકને ભારતીય રિઝર્વ બેંક દ્વારા લાઈસન્સ આપવામાં આવ્યું છે. ૧૦૨ કરોડની રકમ મળ્યા બાદ દમણ અને દીવ સ્ટેટ કોઓપરેટિવ બેંકની આર્થિક સ્થિતિમાં વધુ સુધારો થશે, જેનો લાભ ખાતરધારકો અને સામાન્ય જનતાને મળશે તેવું જાણવા મળે છે.

## વલસાડ જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમો તબક્કાવાર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારી સેવાનો લાભ એક જ છત નીચે અને એક જ દિવસે મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમની મિશન મોડ પર શરૂઆત કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં પણ સેવા સેતુના કાર્યક્રમો થકી અનેક લોકો રાજ્ય સરકારની સેવાનો લાભ પોતાના ઘર આંગણે મેળવી રહ્યા છે. ત્યારે વલસાડ જિલ્લા કલેકટર નૈમેષ દવે અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના માર્ગદર્શન હેઠળ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેનો લાભ વધુમાં વધુ લોકોને મળે તેવુ પ્લાનિંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ૧૦ મા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તા. ૧૧ ઓક્ટોબરના રોજ ઉમરગામ નગરપાલિકા દ્વારા ગાંધી સદન હોલમાં તા. ૨૫ ઓક્ટોબરના રોજ ઉમરગામના બારી ગામમાં બારીયા સમાજ હોલમાં, વાપી પાલિકા દ્વારા ડુંગરા ગામમાં ડુંગરા ઝોન કચેરી પાસે તા. ૨૦ સપ્ટેમ્બર, ચલા ઝોન કચેરીમાં તા. ૪ ઓકટોબર, વલસાડ નગરપાલિકા દ્વારા તા. ૨૨ ઓકટોબરના રોજ મોગરાવાડી ઝોન ઓફિસ, પારડી પાલિકા દ્વારા તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ પારડી પાલિકા કચેરી, તા. ૧૯ ઓક્ટોબરના રોજ પારડી કન્યા શાળા ને.હા.નં. ૪૮ ખાતે અને ધરમપુર નગરપાલિકા દ્વારા તા. ૧ ઓકટોબરના રોજ ત્રણ દરવાજા પાસે સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં અને તા. ૧૭ ઓક્ટોબરના રોજ પણ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ધરમપુર પાલિકાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ગ્રામ્ય વિસ્તારમાં ધરમપુર તાલુકામાં માંકડબન ગામે પ્રાથમિક શાળામાં તા. ૫ ઓક્ટોબરે, હનમતમાળ ગામે કેન્દ્ર શાળામાં તા. ૧૮ ઓકટોબરે, કપરાડા તાલુકામાં સુથારપાડા ખાતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે તા. ૪ ઓક્ટોબર, પાનસ ગામે પ્રાથમિક શાળામાં તા. ૧૮ ઓકટોબર, વલસાડ તાલુકામાં રોણવેલ ગામે સાર્વજનિક હાઈસ્કૂલમાં તા. ૪ ઓકટોબર, સેગવી ગામમાં સર્વોદય હાઈસ્કૂલ ખાતે તા. ૨૪ ઓકટોબર, પારડી તાલુકામાં મોટાવાઘછીપા ગામે ડી.પી.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં તા. ૫ ઓકટોબર, રોહિણા ગામે આશ્રમશાળામાં તા. ૧૮ ઓક્ટોબર, ઉમરગામ તાલુકામાં ભીલાડ ખાતે ભીલાડ સરકારી હોસ્પિટલની બાજુમાં આવેલા ભંડારી સમાજ હોલમાં તા. ૪ ઓક્ટોબર, નારગોલમાં તા. જગદંબા ભવન, સાંસ્કૃતિક ભવન, ભંડારી સમાજ હોલ ખાતે તા. ૨૫ ઓક્ટોબર, વાપી તાલુકામાં ચીભડ કચ્છ ગામે પ્રાથમિક શાળામાં તા. ૫ ઓક્ટોબર અને મોરાઈ ગામે પ્રાથમિક શાળામાં તા. ૧૮ ઓકટોબરે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. વલસાડ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉપરોક્ત તારીખ અને સ્થળે યોજાનાર સેવાસેતુ કાર્યક્રમનો બહોળી સંખ્યામાં લોકોને લાભ લેવા નિવાસી અધિક કલેકટર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગણદેવી પીપલ્સ બેંકે સ્કોબાનાં ચારે ચાર એવોર્ડ સાથે કરી ઈતિહાસ રચાયો

**બેંકને આર્થિક સ્થિરતા, લાભકારક વ્યસ્થાપન, જાહેર સંબંધો અને સામાજિક પ્રવૃતિઓ, કુલ વ્યાપાર અને વિસ્તરણ કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત થયા**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૯ :** દક્ષિણ ગુજરાત નાગરીક સહકારી બેંક એસોસિએશન (scoba) દ્વારા પંજાબ અમૃતસર માં ૧૬મો એવોર્ડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અલગ અલગ કેટેગરીમાં દક્ષિણ ગુજરાતની સહકારી બેંકોને કામગીરી આધારે એવોર્ડ એનાયત થયા હતા. જેમાં ગણદેવી પીપલ્સ બેંક ને ચાર એવોર્ડ એનાયત થયા હતા. ગણદેવી પીપલ્સ કો ઓ.બેંકની ડીપોઝીટ ૨૫૦ કરોડ થી વધુ છે. જેની સામે ૧૬૪ કરોડ ધિરાણ છે. ગણદેવી શાખા ની ડિપોઝીટ ૧૦૦ કરોડ થી અધિક છે વિવિધ ક્ષેત્રે આગવી કામગીરી અને વિકાસને ધ્યાને રાખી ચારે ચાર એવોર્ડ એનાયત કરાયા હતા. જેને કારણે બેંક પરિવારમાં આનંદ વ્યાપી ગયો હતો. પારદર્શી વહિવટ, થાપણ અને ધિરાણ માં ગૌરવપ્રદ વૃદ્ધિ સાથે બેંકે ઇ-ટેકનોલોજી સાથે કદમ મિલાવી ગ્રાહકોને મોબાઈલ બેન્કિંગ સહિતની અનેક ઝડપી સુવિધા મળે તે માટે બેંક મેનેજમેન્ટ પ્રયત્નશીલ રહે છે. નવસારી જિલ્લામાં બેંકે મેળવેલી સિદ્ધિ ની જાણ થતાં સામાજિક, સહકારી, શૈક્ષણિક સંસ્થા અગ્રણીઓએ બેંકના પ્રમુખ ગોપાળભાઈ ગોહિલ, ઉપપ્રમુખ અલ્કેશ શાહ, સેક્રેટરી તુષાર વશી, તમામ ડિરેક્ટર્સ અને મેનેજર હિમાંશુ વૈદ્ય ને અભિનંદન પાઠવ્યા હતા. એક સાથે ચાર-ચાર સ્કોબાના એવોર્ડની સુવર્ણસિધ્ધીને પગલે સભાસદો, કર્મચારીઓ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં આનંદ વ્યાપી ગયો હતો. નવસારી જિલ્લાનાં ગણદેવી, બીલીમોરા, ચીખલી, વિજલપોર, કબીલપોરમાં શાખાઓ ધરાવતી ધી ગણદેવી પીપલ્સ કો-ઓપરેટિવ બેન્ક દક્ષિણ ગુજરાત નાગરીક સહકારી બેંકો માં સૌથી વધુ એવોર્ડ મેળવવા વાળી બેંક બની છે.

## વલસાડ જિલ્લા સહકારી સંઘની અઠ્ઠાવનમી વાર્ષિક સભા સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લામાં સહકારી શિક્ષણ આપતી વલસાડ જિલ્લા સહકારી સંઘની વાર્ષિક જનરલ સભા સંઘના પ્રમુખ હરિસિહ સોલંકી ના અધ્યક્ષ સ્થાને મલી જેમા વર્ષ ૨૦૨૩-૨૪ ના હિસાબ અને અહેવાલ સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા. સંઘના મંત્રી અમિત પટેલે એજન્ડા મુજબના કામો પર વિસ્તાર થી ચર્ચા કરી વર્ષ દરમ્યાન સંઘ મારફત



કરવામા આવેલ કામોની માહિતી આપી હતી.

સંઘ મારફત વર્ષ દરમ્યાન સભાસદો અને ભાવિસભાસદો, વ્યવસ્થાપક કમિટિ અને હોદ્દેદારો ના,મંત્રી મેનેજર, કૃષિ, નેતાગીરી, યુવકસહકારીશિકસણ તાલીમ જેવાપપ જેટલા વર્ગો કરવામા આવ્યા જેમા મોટી સંખ્યામા સહકારી કાર્યકર લાભ લીધો હતો.

સંઘની સભામાં નવસારી જિલ્લાના ડિરેક્ટર અમિત પટેલે ચર્ચામાં ભાગ લેતા સંઘની આવક બાબતે શિક્ષણ ફાલો ન આવતો હોય સંઘના સંચાલન માટે સંઘના દરેક તાલુકાના ડિરેક્ટર સ્થાનીક મંડળીનો સંપર્ક કરી નફા માથી સંઘને ફુલનહિ તો ફુલની પાખડી ની મદદ મલે તે માટેની જોગવાઈ કરવા અનુરોધ કરવા આવશયક સૂચન કર્યુ હતુ. જેને સભામાં ઉપસ્થિત સૌ એ આવકારયું હતું.

સભામા ડિરેક્ટર નિલકંઠ દેસાઈ, શુમનભાઈ દેસાઈ, અમિત પટલે ભાગ લીધો હતો.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com



## ચંદ્ર અને મંગળ પછી શુક્ર મિશનને કેબિનેટની મંજૂરી

# હવે ભારત શુક્રના સંશોધન માટે ઓર્બિટર મોકલશે

**શુક્રનો અભ્યાસ કરવા ૧૨૩૬ કરોડના ભંડોળ ફાળવાશે, જેમાંથી ૮૨૪ કરોડ રૂપિયા અંતરિક્ષ યાન પર ખર્ચ કરવામાં આવશે જે શુક્રની ચોતરફ ચક્કર મારીને તેની સપાટી, વાયુ મંડળ અને સૂરજની અસરો વગેરેનો ડેટા ભેગો કરશે**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

કેન્દ્રીય કેબિનેટે ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલી એક બેઠકમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના પણ અનેક પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રસપ્રદ વાત એ છે કે, તેમાં વિનસ ઓર્બિટર મિશન પણ સામેલ છે. આ મિશન હેઠળ ભારતીય વિજ્ઞાનીઓ શુક્ર ગ્રહને સમજવા માટે ત્યાં ઓર્બિટર મોકલીને વિવિધ ડેટા ભેગો કરશે. આ મિશન હેઠળ એક ખાસ સ્પેસક્રાફ્ટ તૈયાર કરાશે, જે શુક્રની ચોતરફ ચક્કર મારીને તેની સપાટી, વાયુ મંડળ અને સૂરજની અસરો વગેરેનો ડેટા ભેગો કરશે. આ સાથે કેબિનેટે ચંદ્રયાન-૪, ગગનયાન, ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હિકલ વિકસાવવાની યોજનાઓને પણ મંજૂરી આપી છે.

કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારવા અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફરવા માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા અને દર્શાવવા માટેના નવા ચંદ્ર મિશન ચંદ્રયાન-૪ને મંજૂરી આપી છે. જેમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનના વિસ્તરણની સાથે અન્ય ઘણાં નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જે ગગનયાનના વિસ્તરણ અને શુક્ર ગ્રહ પર

### કેબિનેટે ચંદ્રયાન-૪, ગગનયાન, ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હિકલ વિકસાવવાની યોજનાઓને પણ મંજૂરી આપી

મિશન મોકલવાની યોજના છે.'

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનનું વિસ્તરણ કરવામાં આવ્યું છે, તેનું આગામી પગલું ચંદ્ર પર માનવ મિશન મોકલવાનું છે. જેના પ્રારંભિક તબક્કાને લઈને મંજૂરી આપી દેવામાં આવી છે. વિનસ ઓર્બિટર મિશન, ગગનયાન ફોલો-ઓન અને ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન માટે લૉન્ચ વ્હીકલ ડેવલપમેન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. ચંદ્રયાન-૪ મિશન હેઠળ ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી પર લાવવામાં આવશે.'

આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશન ભારતીય અવકાશયાત્રીઓને વર્ષ ૨૦૪૦ સુધીના આયોજન સાથે ચંદ્ર પર ઉતારવા અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત કરવા માટે જરૂરી ટેક્નોલોજી મેળશે. જેમાં ડોકિંગ/અનડોકિંગ, લેન્ડિંગ, પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા અને ચંદ્રના નમૂનાના સંગ્રહ અને વિશ્લેષણને પૂર્ણ કરવા માટે જરૂરી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કરવામાં આવશે.'

મળતી માહિતી પ્રમાણે, ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન મિશન ચંદ્રયાન-૪ માટે કુલ ફંડની જરૂરિયાત રૂ.૨,૧૦૪.૦૬ કરોડ છે. જેમાં અવકાશયાનના વિકાસ અને પ્રક્ષેપણની જવાબદારી ISROની રહેશે. ઉદ્યોગ અને શિક્ષણવિદોની ભાગીદારી સાથે આ મિશન મંજૂરીના ૩૬ મહિના સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તમામ નિર્ણાયક ટેક્નોલોજીને સ્વદેશી રીતે વિકસાવવાની પરિકલ્પના કરવામાં આવી છે.

કેન્દ્રીય કેબિનેટે શુક્ર ગ્રહ પર વૈજ્ઞાનિક સંશોધન માટે અને શુક્રના વાતાવરણ, ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવા અને તેના વાયુમંડળની તપાસ કરીને મોટી માત્રામાં વૈજ્ઞાનિક ડેટા મેળવવા માટે શુક્ર પરિક્રમા મિશનને (VOM) પણ મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગ્રહનો અભ્યાસ કરવા ૧૨૩૬ કરોડના ભંડોળ ફાળવાશે, જેમાંથી ૮૨૪ કરોડ રૂપિયા અંતરિક્ષ યાન પર ખર્ચ કરવામાં આવશે. વધુ માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટે હેવી નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હીકલને પૃથ્વીની નીચલી કક્ષામાં ૩૦ ટનના પેલોડ સ્થાપિત કરવાની મંજૂરી આપી છે.'

# પારડીની એન.કે. દેસાઈ કોલેજનાં વિદ્યાર્થીઓએ કાકરાપાર એટોમિક પાવર સ્ટેશનની મુલાકાતે



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ ઈંગ્લિશ મિડીયમ કોલેજ દ્વારા કોલેજના ૬૦ વિદ્યાર્થીઓ માટે કાકરાપાર એટોમિક પાવર સ્ટેશનની મુલાકાત યોજાઈ હતી. આ અયોજનનો મુખ્ય હેતુ એ હતો કે ભણતરમાં આવતાં વિષય અંતર્ગત વિદ્યાર્થીઓને વિદ્યુતઉર્જા ઉત્પાદનમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓનો અભ્યાસ થાય તથા ટરબાઈન મારફતે થતી વિદ્યુતઊર્જા ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા લાઈવ બતાવી શકાય. કાકરાપાર અણુમથકમાં વિદ્યાર્થીઓને રિએક્ટર બિલ્ડિંગ, કુલિંગ ટાવર, ચીમની દ્વારા થતી ઠારણ પ્રક્રિયા, ટરબાઈન કંટ્રોલ રૂમ અને વેસ્ટ મેનજમેન્ટ વિભાગ આમ દરેક ભાગોની સમજણ આપવામાં આવી હતી. આ મુલાકાતનું સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડૉ. વિક્રમ ભારત દ્વારા કરવામાં આવ્યું હતું અને આ પ્રવાસમાં પ્રાધ્યાપકો ખ્યાતિ મોદી, પ્રાચી મહેતા અને ડૉ. અજય પટેલ સાથે હાજર રહ્યા હતાં. કાકરાપારની આ મુલાકાત બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. દીપેશ શાહ અને પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગીર સોમનાથ વિજ્ઞાન કેન્દ્રમાં ઓઝોન દિવસ ઉજવાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

શ્રી ધર્મ ભક્તિ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલ પ્રભાસ પાટણ ખાતે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશ એન. ગુંદરણીયા એ જણાવ્યું હતું કે સંસ્થાના ચેરમેન શા. સ્વા.ભક્તિ-કાશદાસજીની ઉપસ્થિતિમાં વક્તૃત્વસ્પર્ધા, નિબંધસ્પર્ધા તથા ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા વિજેતાઓને પ્રમાણપત્ર અપાયા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા વ્યવસ્થાપન કો-ઓર્ડિનેટર વિજયભાઈ કોટડીયા તથા સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા કરવામાં આવ્યું હતું.



આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર, મોરબી દ્વારા અંધશ્રધ્ધા અને વિજ્ઞાન અંગે જસદણમાં કાર્યક્રમ યોજાયો હતો. શ્રી બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ તથા આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા સંયુક્ત રીતે કરાયેલા આ કાર્યક્રમમાં કાર્યક્રમનો આશરે ૪૫૦૦ નાગરીકો એ લાભ લીધો હતો.

## રાજકોટના ઈકો વોરિયરે ગાંધીનગરમાં જનજાગૃતિ કેળવી

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાજકોટમાં પર્યાવરણ જાગૃતિ માટે અથાગ મહેનત કરનાર સંવેદનશીલ સિનિયર સિટીઝન કાંતિલાલ ભૂત (ભૂત તેમની સરનેમ છે અને પટેલ છે)ઈકો વોરિયર તરીકે ખુબ જ જાણીતા છે. પર્યાવરણ અને વૃક્ષપ્રેમી કાંતિકાકાના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં જોવા મળે છે.

આ કાંતિલાલ નિસર્ગ સાયન્સ સેન્ટરના કાર્યક્રમમાં મહેમાન તરીકે આવ્યા હતા. તેમના એક આગવા અંદાજમાં પર્યાવરણની વાત લોકો ને સમજાવતા હોય છે. સેક્ટર૨૧ અને ૨૪ ના શાકમાર્કેટમાં પ્લાસ્ટિકની થેલીઓના બદલે કાપડની થેલીઓ વાપરવા અંગે લોકજાગૃતિ કેળવી લોકો તેમને જોઈને ભાવુક બની તેમની વાત સાંભળતા અને માનતા. સિનિયર સિટીઝન તેમના નિવૃત્તિના સમયમાં ધરે તો શું ન કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ કાંતિલાલના જીવનમાંથી શીખવા જેવું છે.

## રાજ્યમાં ખગોળ, ગણિત અને વિજ્ઞાનને આગળ વધારવા સંસ્થાને આર્થિક અનુદાન માટે અપીલ સાથે ધી ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી દ્વારા અભિયાન શરૂ કરાયું છે

# રાજકોટમાં ડો. જે.જે. રાવલની આઈપીએસ ડો. પી.સી. વૈદ્યના નામે રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ શરૂ કરી રહી છે

**પ.પૂ. મોરારી બાપુ આગામી ગાંધી જયંતિએ ઉદ્‌ઘાટન કરાશે સાથે જ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે મળી તારાઓ અને સૂર્યના અભ્યાસ માટે વેધશાળા પણ શરૂ કરાશે**






**સાયન્સ કોર્નર - વિકાસ ઉપાધ્યાય**

વિશ્વભરમાં ખગોળ વિજ્ઞાન શાસ્ત્રમાં ભારતનું નામ રોશન કરનાર અને આપણા સહુના આદરપાત્ર ડૉ. જે. જે. રાવળના વિચારોમાં ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વિષયોમાં સંશોધન અને વિકાસ માટેના અનેક પ્રોજેક્ટ છે. ઈંડિયન પ્લેનેટરી સોસાયટી તેમના નિર્દેશન હેઠળ ૨૪ વર્ષથી નિયમિતપણે કાર્યરત રહી છે, તે આવતા વર્ષે તેની સિલ્વર જ્યુબિલી ઉજવવા જઈ રહી છે ત્યારે એક વ્યવસ્થિત રિસર્ચ સેંટર માટે સંશાધનો ઊભા કરવાની તાતી જરૂરિયાત છે. કેટલાય તરુણ અને અત્યંત તેજસ્વી વૈજ્ઞાનિકો નિયમિત રીતે કામ કરી શકે તે માટે તેમને યોગ્ય વળતર મળી રહે તે જરૂરી છે. આધુનિક સાધનો, જેવા કે ટેલિસ્કોપ અને અન્ય સાધનો, કોઈ પણ સંસ્થામાં જરૂરી વહીવટી અને માળખાકીય સુવિધા ઉભી કરવા માટે જે આર્થિક, સામાજિક વ્યવસ્થા જરૂરી છે તે આ કામને યોગ્ય રૂપ આપી શકે. આ માટે આર્થિક યોગ દાન આવશ્યક છે . કિંતુ આર્થિક સહાય માટે ડો. જે.જે. રાવળે ક્યારેય ગુજરાતી પ્રજાને જણાવ્યું નથી. પણ પહેલી વાર એક કોર્પસ ફંડ જે થાય તે ઊભું કરી આ સંસ્થાનું પાયાનું માળખુ તૈયાર કરી શકાય. ત્યાર બાદ અન્ય સહાય મળી શકે. તે માટે અભિયાન હાથ ધર્યુ છે. આ સંસ્થામાં શ્રેષ્ઠીઓનાં નામે બે ત્રણ ચેરની સ્થાપન કરવાની છે, જ્યાં ખગોળ વિજ્ઞાનીઓને નિયુક્ત કરવામાં આવશે જેથી યુવાનોને કાયમી યોગ્ય માર્ગદર્શન મળી રહે.

વધુમાં ઈંડિયન પ્લેનેટરી સોસાયટી ગુજરાતના પનોતાપુત્ર વિદ્વાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને ગાંધીઅન પ્રોફેસર પ્રહલાદ ચુનીલાલ વૈદ્ય જેઓ પી. સી. વૈદ્ય તરીકે જાણીતા છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના ગણિતવિભાગના અધ્યક્ષ, ગુજરાત યુનીવર્સિટીના વાઈસ-ચાન્સેલર, ગુજરાત પબ્લિક સર્વિસ કમીશનના અધ્યક્ષ, યુનીયન પબ્લિક સર્વિસ કમીશનના સભ્ય અને યુવાઓને ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાં માર્ગદર્શન આપનારા હતા તેઓ પ્રોફેસર જયંત નારલીકરની પૂના સ્થિત ઈન્ટર યુનિવર્સિટી સેંટર ઓફ એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફીજીકસની સંસ્થાના પ્રથમ અધ્યક્ષ હતા. તેમના નામે ધી ઈંડિયન પ્લેનેટરી સોસાયટી એસ્ટ્રોનોમિકલ અને એસ્ટ્રોફિઝીકલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવા જઈ રહી છે. વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુ તેનું ઉદ્ઘાટન કરશે અને ભારતના ખગોળવિજ્ઞાનીઓ તેમાં હાજરી આપશે. બીજા ખગોળવિજ્ઞાનીઓ સાથે વિખ્યાત વિજ્ઞાની અને ગુરુઓનાં ગુરુ પ્રોફેસર એમ. એમ. શર્મા (એફઆરએસ) આ ઉત્સવના ગેસ્ટ ઓફ ઓનર રહેશે. ધ ઈંડિયન પ્લેનેટરી સોસાયટી એક બીજું કેન્દ્ર પ્રસ્થાપિત કરવા જઈ રહી છે જેનું નામ છે પ્રાચીન ભારતમાં વિજ્ઞાન અને તેનો અર્વાચીન વિજ્ઞાન સાથે સંબંધ (પ્રેરણા વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારી બાપૂ) ધી ઈંડિયન પ્લેનેટરી સોસાયટીએ રાજકોટની સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉંડેશન સાથે એમઓયુ કર્યું છે. ત્યાં ધી ઈંડિયન પ્લેનેટરી સોસાયટી તારાની વેધશાળા સ્થાપી રહી છે. જે દ્વારા બ્રહ્માંડનો અભ્યાસ અને નિરીક્ષણ થશે. આપણા ઉર્જાતારા, પિતૃતારા એવા સૂર્યદેવતાનો અભ્યાસ અને નિરીક્ષણ કરવા સોસાયટી સૌર વેધશાળા સ્થાપી રહી છે. સૂર્યનો અભ્યાસ કરવો બહુ જરૂરી છે. ભવિષ્યમાં કોલસો, પેટ્રોલ, એટમીક એનર્જી વગેરે પૃથ્વી ઉપરના ઉર્જાસ્રોતો સમાપ્ત થશે ત્યારે માત્ર સૂર્યદેવતા જ આપણી મદદે-વહારે આવશે. સૂર્યનો જન્મ ૪.૬ અબજ વર્ષ પહેલાં થયો હતો અને હજુ તે સાડા ચાર અબજ વર્ષ સુધી તપશે. તે જ્યારે શાંત થઈ જશે ત્યારે આપણે બધા પણ શાંત થઈ જશું. માટે જ દુનિયાના વિજ્ઞાનીઓ સૂર્યનો ગહન અભ્યાસ કરવા મથે છે, જેથી પૃથ્વી પર જીવન ટકી રહે. નાસાએ પારકર સોલર પ્રોબ અને ભારતે આદિત્ય -એલ-૧ પ્રોબ સૂર્યનો ગહન અભ્યાસ કરવા મોકલ્યાં છે. તે પૃથ્વી પરના જીવનમાં સૂર્યની અગત્ય દર્શાવે છે. આ બધુ આપણા બાળકો અને યુવાનોને પ્લેટફોર્મ પૂરૂ પાડશે.

ધી ઈન્ડીયન પ્લેનેટરી સોસાયટી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રોફેસરોના પણ ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળ વિજ્ઞાનના ફન્ડામેન્ટલ, સ્પસ્ટ કરે છે અને અંધશ્રદ્ધા નિવારવાનું કાર્ય પણ કરે છે. કાર્યક્રમ આપવા ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી શૈક્ષણિક સંસ્થામાં જાય છે, ત્યાં વ્યાખ્યાન, પ્રશ્નોત્તરી, ચર્ચા રાખે છે. સંસ્થાએ પોતે બનાવેલી સાત અડધો અડધો કલાકની ડોક્યુમેન્ટરી જેમાં હરીશ ભીમાણીનો અવાજ અને લૂઈ બૅન્કસનું મ્યુઝિક છે. તે હિન્દી, ગુજરાતી, અંગ્રેજી ત્રણેય ભાષામાં છે. તે ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ દર્શાવે છે, વિજ્ઞાન-ખગોળવિજ્ઞાનનું પ્રદર્શન દર્શાવે છે, અને રાતે સંસ્થાના શક્તિશાળી દૂરબીનો દ્વારા ચંદ્ર, ગુરુ, શનિ જેવા ગ્રહો અને નિહારિકા, આકાશગંગા મંદાકિની દર્શાવે છે. સંસ્થાના નિષ્ણાતો કોરી આંખે પણ આકાશદર્શન કરાવે છે તેમાં રાશિઓ, નક્ષત્રો અને તેમાં રહેલા તારાની ઓળખ પણ કરાવે છે. સોસાયટી બે વિજ્ઞાન સામાયિક (૧) વિરાટ સુર્ય (૨) કીડ્ઝ સાયન્સ -કાશિત કરે છે. સંસ્થા નિયમિતપણે વિજ્ઞાનીના વ્યાખ્યાન યોજવાનું પણ આયોજન ધરાવે છે. આ સંસ્થા પાસે ૮૦-જી પ્રમાણપત્ર પણ છે. વળી મોટી કંપનીઓ સીએસઆર ફંડમાંથી આ સંસ્થાને આર્થિક યોગદાન આપી શકે કારણ કે આ સંસ્થા રીસર્ચ ઈન્સ્ટિટયૂટ છે. એ માટે આવશ્યક સર્ટીફીકેટો ઉપલબ્ધ છે. સંસ્થા પાસે કાઉન્સિલ ઓફ સાઈંટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ, મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગવર્નમેન્ટ ઓફ ભારતને માન્ય સંશોધન સંસ્થા છે. તો આ માટે ભંડોળ એકત્ર કરવાના અભિયાન દ્વારા ખગોળપ્રેમી પ્રજા સામે માત્ર દસ કરોડનું લક્ષ રાખ્યું છે અને શ્રધ્ધા છે કે એ પૂર્ણ થશે જેથી આ સંસ્થા પગભેર થઈને ખગોળ વિજ્ઞાનના પ્રોજેક્ટ હાથ ધરી શકે અને તેનો વિકાસ કરી શકે, તથા ભારતમાં બાળકો અને યુવાનોને આ વિષયમાં રસ લેતા કરી અને તેઓ આ બધા વિષયો ગણિત, ફિઝીક્સ, ખગોળમાં વિકાસ લક્ષી અભિયાન હાથ ધરી શકે. ખગોળવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર ભારતમાં જન્મ્યા હતાં તેને આપણે હવે અગાળ વધારવાનાં છે. આપણા પ્રાચીન ઋષિ-મુનિઓનું વિજ્ઞાન અને ખગોળવિજ્ઞાનમાં પાયાનું યોગદાન રહ્યું છે.

ડો. જે.જે. રાવળ જેવા અન્ય વૈજ્ઞાનિકો આજે જ્યારે ભારતમાં ઉપલબ્ધ છે ત્યારે તેમના જ્ઞાન માટે આવશ્યક પાયાનું માળખુ તૈયાર કરી આપવા દેશના નાગરિકો તેમને યોગ્ય લાગે તેટલી મદદ કરવા તત્પર થશે. આ રીતે આપણે સહુ કહી શકીએ કે ભારત પ્રાચીન સમયમાં જ્ઞાન, વિજ્ઞાન અને ખગોળવિજ્ઞાનમાં અગ્ર સ્થાન હતું અને ફરીથી તે સ્થાને પામે તે માટે ભારતના નાગરિકોનું નાનકડું યોગદાન મળી રહેશે. આ અભિયાનમાં નિયોજન કેમિકલ્સ લિમીટેડનું દૂરબીનો અને કેમરા ખરીદવા કુલ રૂા.૫૫ લાખનું દાન મળી ગયુંછે. જે મહાનુભાવો ઈચ્છતા હોય તેઓ નીચેના અકાઉંટમાં તેમને યોગ્ય લાગે તે ડૉનેશન ચેકથી અથવા ઓનલાઈન બૅન્કિંગ દ્વારા ડૉનેશન મોકલી શકેછે. તેઓએ ફોનમાં અથવા વોટસેપમાં ટ્રાન્ઝેકશન રેફ્રન્સની જાણ કરવાની રહેશે. ફોન નંબર ૯૮૨૦૯૯૦૭૮૪, ૮૧૬૯૨૦૮૯૭૭ ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી Indian Overseas Bank, Account No. 05840100 0015330, IFSC No.: IOBA0000584, Branch: Borivali (West)

# હવે જન્માંધો પણ દુનિયા જોઈ શકશે

**ઈલોન મસ્કની ન્યુરાલિંકને યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે બ્લાઈન્ડસાઈટ ચિપ કમ્પ્લાઈન્ટ કરવાની મંજૂરી આપી દીધી**




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ઈલોન મસ્કની ન્યુરાલિંક બ્લાઈન્ડસાઈટ ચિપ એ ૨૧મી સદીનો સૌથી મોટો ચમત્કાર કરી દેખાડ્યો છે. આ ચિપ દ્વારા હવે એવા લોકો પણ વિશ્વને જોઈ શકશે જેઓ જન્મથી જ નેત્રહીન છે અથવા જેમણે પોતાની ઓપ્ટિક નર્વ એટલે કે ઓપ્ટિક તંત્રિકા ગુમાવી દીધી છે. આ ચિપને નેત્રહીનોમાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવશે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે ઈલોન મસ્કની ન્યુરાલિંકને 'બ્લાઈન્ડસાઈટ' ચિપ ઈમ્પ્લાન્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. આ માટે FDA દ્વારા બ્લાઈન્ડસાઈટ ચિપને બ્રેકથ્રુ ડિવાઈસ ટેગ આપવામાં આવ્યો છે.

અમેરિકાના દિગ્ગજ ઉદ્યોગપતિ ઈલોન મસ્કની બ્રેન-ચિપ સ્ટાર્ટઅપ ન્યૂરાલિંકે મંગળવારે કહ્યું કે, દ્રષ્ટિ પુન:સ્થાપિત કરવાના હેતુથી કરવામાં આવેલા અમારા પ્રાયોગિક પ્રત્યારોપણને અમેરિકન એફડીએનો 'બ્રેકથ્રુ ડિવાઈસ' ટેગ મળ્યો છે. તમને જણાવી દઈએ કે, એફડીએનો બ્રેકથ્રુ ટેગ કેટલાક એવા તબીબી ઉપકરણોને આપવામાં આવે છે જે જીવન માટે જોખમી પરિસ્થિતિઓની સારવાર અથવા નિદાન કરવામાં સક્ષમ હોય છે. તેનો હેતુ વિકાસમાં તેજી લાવવાનો અને વર્તમાનમાં વિકાસ હેઠળના ઉપકરણોની સમીક્ષા કરવાનો છે.

ઈલોન મસ્કે બ્લાઈન્ડસાઈટ ચિપને FDAનું અપ્રૂવલ મળી ગયા બાદ X પોસ્ટ કરીને લખ્યું કે, બ્લાઈન્ડસાઈટના નામથી ઓળખાતા આ પ્રાયોગિક ઉપકરણ એ લોકોને પણ દોવામાં સક્ષમ બનાવી દેશે જેમણે પોતાની બંને આંખો અને ઓપ્ટિક તંત્રિકા ગુમાવી દીધી છે. જોકે, ન્યુરાલિંકે બ્લાઈન્ડસાઈટ ડિવાઈસના માનવ પરીક્ષણમાં જવાની અપેક્ષા વિશે વિવરણ માગવા માટેની વિનંતીનો તેણે તાત્કાલિક જવાબ ન આપ્યો. તમને જણાવી દઈએ કે, મસ્ક અને એન્જિનિયરોના એક ગ્રુપ દ્વારા ૨૦૧૬માં સ્થપાયેલ ન્યુરાલિંક એક બ્રેઈન ચિપ ઈન્ટરફેસનું નિર્માણ કરી રહી છે જેને ખોપડીની અંદર ઈમ્પ્લાન્ટ કરી શકાય છે. આ અંગે મસ્કે કહ્યું કે, આ વિકલાંગ દર્દીઓની દ્રષ્ટિ પુન:સ્થાપિત કરી શકે છે અને સાથે સાથે તેઓને ફરીથી ચાલવા અને વાતચીત કરવા સક્ષમ બનાવી શકે છે. ન્યુરાલિંકના ઉપકરણમાં એક ચિપ હોય છે જે તંત્રિકા સંકેતોની પ્રક્રિયા અને પ્રસારણ કરે છે, જેને કમ્પ્યુટર અથવા ફોન જેવા ઉપકરણોમાં ટ્રાન્સમિટ કરી શકાય છે. આ સ્ટાર્ટઅપ અલગથી એક ઈમ્પ્લાન્ટનું પરીક્ષણ કરી રહ્યું છે જે લકવાગ્રસ્ત દર્દીઓને એકલા વિચારવાથી ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરવાની ક્ષમતા આપે છે. તેનાથી એક સંભાવના છે જે કરોડરજ્જુની ઈજાઓ ધરાવતા દર્દીઓને મદદ કરી શકે છે. અમેરિકન સરકારના ક્લિનિકલ ટ્રાયલ્સ ડેટાબેઝની વિગતો પ્રમાણે આ ટ્રાયલમાં તેના ઉપકરણનું મૂલ્યાંકન કરવા માટે ત્રણ દર્દીઓની નોંધણી કરવાની અપેક્ષા છે, જેને પૂર્ણ થવામાં ઘણા વર્ષો લાગી શકે છે. આ વર્ષની શરૂઆતમાં ન્યુરાલિંકે ડિવાઈસને બીજા દર્દીમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કર્યું હતું, જે તેનો ઉપયોગ વિડિયો ગેમ્સ રમવા અને 3D ઓબ્જેક્ટ ડિઝાઈન કરવાની પદ્ધતિ શીખવામાં કરી રહ્યા છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269


# ઉમરગામમાં એવરેસ્ટ મસાલા કંપનીના નવા પ્લાન્ટનું વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ ઉદઘાટન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** મેક ઈન ઈન્ડિયાના કોન્સેપ્ટને અનુસરી ખેડૂતોને ખેત ઉત્પાદનની ચીજ વસ્તુઓ ને વ્યાજબી કિંમત મળે તેમ જ સ્થાનિકોને રોજગાર નો લાભ મળે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ફૂડ પ્રોસેસિંગ કંપનીઓ ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે.

ઉમરગામ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના સૌથી પ્રખ્યાત મસાલા ફેક્ટરીના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન સમયે એવરેસ્ટ મસાલા કંપનીના માલિક તથા સમગ્ર પરિવારને

અભિનંદન પાઠવ્યા હતા કંપનીના એચ.આર. રાકેશ કણકચ્રા અને પ્રવીણ સિસોદિયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કંપની આ સિદ્ધિ બદલ ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ નરેશભાઈ બંથિયા અને તેમની ટીમ તરફથી એવરેસ્ટ કંપનીના માલિક તથા સમગ્ર પરિવારને શુભકામના પાઠવવામાં આવી હતી.

ઉલ્લેખની એ છે કે મેક ઈન ઈન્ડિયાના કોન્સેપ્ટને અનુસરી ખેડૂતોને તેઓના ખેત ઉત્પાદનની ચીજ વસ્તુઓની વ્યાજબી કિંમત મળે અને સ્થાનિકોને રોજગાર મળે તે હેતુથી વિશેષ કરીને ફુડ પ્રોસેસિંગ કંપનીઓ પર ભાર મૂક્યો છે. ઉમરગામ ખાતે એવરેસ્ટ મસાલા કંપનીનું એક્સપાન્શન કરી નવું યુનિટ શરૂ કરાયું છે. જેનું પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ ઉદઘાટન કરાયું હતું.

# માણેકપુર હાઈસ્કૂલમાં 'એક પેડ માઁ કે નામ' સાથે વૃક્ષા રોપાણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન દ્વારા દેશ નાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિવસ નિમિત્તે ૧૭ મી સપ્ટેબેર થી ૨ જી ઓક્ટોમ્બર સુધી સેવા પખવાડિયાની ઉજવણી કરી રહી છે. જે અંતર્ગત ૧૭ મી સપ્ટેમ્બરનાં રોજ માણેક પુર હાઈસ્કુલ અને માણેકપુર ગામમાં ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકરની ઉપસ્થિતિ વચ્ચે એક પેડ સ મા કે નામ સાથે વૃક્ષા રોપાણ કર્યું હતું. ધારાસભ્ય રમણલાલ પાટકરે મ વૃક્ષ છે તો જીવન છે સાથે વૃક્ષનું મહત્વ સમજાવ્યું હતું. જે કાર્યક્રમ પ્રસંગે ભાજપ સંગઠન પ્રમુખ દિલીપભાઈ ભંડારી, લલિતા બેન દુમાડા, મુકેશભાઈ પટેલ, હેમંત ભાઈ ટેલર, સંગઠન મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, નિલેષભાઈ ભંડારી, મહેશભાઈ આહીર, માણેકપુર સરપંચ રાકશભાઈ વઘાત, શેખરભાઈ આરેકર, રામદાસભાઈ વરઠા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી તમામ લોકોએ વૃક્ષા રોપાણ કર્યું હતું.

# ભીલાડ કે રાજા પંડાલમાં ૫૦૦૦થી વધુ ગણેશ ભકતોએ દર્શન લાભ લીધો

## છેલ્લા ૧૮ વર્ષથી વધુ ગણેશ ચતુર્થી ઉજવતા બાળ મિત્ર મંડળ, ભકતજનોની સેવામાં તત્પર રહ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ તાલુકાના ભીલાડ બાળ મિત્ર મંડળ બાળ સ્વયમ સેવક,અમિત કનોજીયા, અંકુર પંચાલ, રોહન નીમકર, હિતેશ શર્મા, સંતોષ પટેલ,લાલા રાજપૂત, મયંક પટેલ સહિત મોટી સંખ્યા યુવા ટીમના કાર્યકર્તાઓના અધ્યક્ષતા એ છેલ્લા ૧૮ વર્ષથી વધુ સ્વામિનારાયણ ગુરુકુળના પટાંગણમાં ગણેશ ચતુર્થી અંતર્ગત આનંદ ચૌદસ સુધીના ૧૧ દિવસના ગણેશજી પ્રતિમાની સ્થાપના કરતા આવ્યા છે. જે ૨૦૨૪ અંતર્ગતના ગણેશ ચતુર્થી પર્વ દરમિયાન ૮ના દિને ભીલાડ કે રાજા પંડાલ મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦૦થી વધુ ગણેશ ભક્તોએ મહા ભોજનો લાભ લેતા, નિખાલસ સેવામાં ગણેશ ભક્તો હંમેશા તત્પર રહેલા બાળ મિત્ર મંડળ પ્રશંસાને પાત્ર બની પામ્યા હતા. આ ગણેશ ચતુર્થી પર્વ દરમિયાન ભીલાડ કે રાજા પંડાલમાં અનેક ધાર્મિક પ્રવૃત્તિ,



સંગીત સહિત બાળકોમાં ઉત્સાહ વધારવા રમત ગમતની પણ પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ ૧૧ દિવસ સવાર સાંજ મહા આરતી યોજવામાં આવતા ભક્તો આ અવસરનો લાભ લેવા અચૂક બાપ્પાના દર્શન અને મહા આરતી દરમિયાન ભક્તોનું ટોળું ઉમટી પડતા વાતાવરણ ગણેશ ભક્તિ મય બની પામે છે. સાથે ઉમરગામ પંથકમાં અગ્રણી, પોલીસ વિભાગ, નેતા ગણો સહિત ઉદ્યોગ પતિઓ પણ ભીલાડ કે રાજાના અચૂક દર્શનનો લાભ લેતા આવતા આ વિસ્તારમાં બાળ મિત્ર મંડળના નેજા હેઠળ ઉજવામાં આવતો ઉપરોક્ત ગણેશ ચતુર્થી અવસર ભીલાડ કે રાજા હુલામણા નામથી પ્રસિધ્ધ થયા છે. જોકે ૯ના દિવસે મંડળની મહિલા સભ્યો એ ૫૬ પ્રકારના ભોજન નો ભોગ તૈયાર કરી વિદ્વાન પુરોહિત થકી શાસ્ત્રોક્ત અનુસાર વિધિવત પૂજા અર્ચના કર્યા બાદ બાપ્પાને ૫૬ પ્રકારના ભોજનનો ભોગ પીરસવામાં આવ્યો હતો. ૧૧ માં દિવસે વાજતે ગાજતે પ્રથમ પૂજ્ય ની પ્રતિમાનું નારગોલ ખાતે વિસર્જન કરાયું હતું.

# ઉમરગામની શ્રી એમ. કે. મેહતા કોલેજમાં પ્રવેશ ઉત્સવની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** નવ નિર્માણ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ કે મેહતા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ન રોજ પ્રવેશ ઉત્સવની ઉજવણી થઈ. જેમાં મુખ્ય મેહમાન તરીકે જીલ્લા શિક્ષણ અધિકારી, વલસાડના ડો. રાજેશ્રીબેન ટંડેલ અને જાગૃતિ વિદ્યાલય, રુમલાના આચાર્ય કિરીટભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી સુકેતુભાઇ મેહતા તેમજ સંસ્થાની શાળા અને કોલેજના તમામ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું પુષ્પગુચ્છ અને તાલીમાર્થીનીઓ સ્વર સ્વાગત નૃત્યથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય મેહમાનનો દ્વારા તાલીમાર્થીઓને ઉચ્ચ ધ્યેય રાખી સફળતા મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ડો. રાજેશીબેન ટંડેલે પોતાની એક શિક્ષક થી જીલ્લા શિક્ષણ અધિકારી બન્યા સુધીની સફળતાની સફર તાલીમાર્થીઓ સમક્ષ રજુ કરી એક શ્રેષ્ટ શિક્ષક બનવાના ધ્યેય પ્રાપ્તિ માટેનું માર્ગદર્શન પૂરું પડ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી સુકેતુભાઈ મેહતા દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરી તેમના ઉજવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી. પ્રવેશ ઉત્સવના કન્વીનર તરીકે પ્રાધ્યાપક ડો. વિપુલભાઈ પટેલ કામગીરી બજાવી. પ્રા. મહેન્દ્રભાઈ ચૌધરી દ્વારા આભાર વિધિ કરવામાં આવી. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને ઉત્સાહ પૂર્વક આવકાર્યા.

# ઉમરગામના ધારાસભ્યએ વિકાસ કામોની સમીક્ષા કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ, રમણભાઈ પાટકર અને pwd ના અધિકારી વિરલભાઈ સાથે નવનિર્મિત બ્રીજોની સ્થળ મુલાકાત કરી જેમા વંકાશ બ્રીજ, ભિમરાપાડા પ્રાથમિક શાળા ની મુલાકાત કરી જેમા બાળકોને આપવામાં આવેલ ભોજન અને સિક્ષકોની મુલાકાત કરી, અંકલાસ બ્રીજનુ કામ, મોહનગામ બ્રીજનું કામ નિરિક્ષણ કરી નવરાત્રી દરમિયાન લોકાર્પણ કરવાની અધિકારી અને એજન્સી ને કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હતી.

ધારાસભ્ય રમણભાઈ પાટકરની મુલાકાત દરમિયાન સરપંચ રાજેશભાઇ વંકાસ, સતિષભાઈ મોહનગામ, પુષ્પાબેન અંકલાસ, પૂર્વ મહામંત્રી રામદાસ વરઠા, જયદીપ ભંડારી, રાજેશભાઇ આહીર, મુન્નાભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

## એસઆઈ-સીઈટીપી સંયુક્ત ઉપક્રમે

# સરીગામમાં 'ઓઝન ડે'ની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** સરીગામ જીપીસીબી કચેરી ખાતે જીપીસીબી,એસ આઈ એ અને સી. ઈ.ટી.પી. સયુંકત ઉપક્રમે મંગળવાર નાં રોજ સાંજે ૩ કલાકે જીપીસીબી અધિકારી અશ્વિનકુમાર ત્રિવેદીની અધ્યક્ષ સ્થાને ઓઝન ડે ની ઉજવણી કરવામાં આવી હતી.૧૬ મી સપ્ટેમ્બર નાં રોજ લોકો ને પ્રકૃતિને લઈ જાગૃત કરવા વિશ્વમાં ઓઝન ડે ની ઉજવણી કરવામાં આવે છે. ઓઝન લેયર અણુઓની લેયર છે. જે સૂર્યના હાનિકારક અલ્ટા વાયલટ કિરણો થી બચાવવાનું કામ કરે છે. ઓઝન લેયર વગર જીવન સંકટમાં પડી શકે છે. જે લેયરને કેમિકલ ઘણું નુકશાન પહોચાડે છે. જીપીસીબીનાં અધિકારી દ્વારા ઉપસ્થિત ઉદ્યોગપતિઓને ઉ૯ઓઝન લેયર અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. ઓઝન ડે નિમિતે સરીગામનાં ઉદ્યોગપતિ, સીઈટીપીનાં કર્મચારી અને જીપીસીબીનાં કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

## હળપતિ પરિયોજના સમૂહ લગ્ન સમિતિ દ્વારા

# ધોડીપાડામાં રકતદાન શિબિરમાં ૯૫ યુનિટ રક્ત એકત્ર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક વિકાસ ભવનમાં હળપતિ પરિયોજના સમૂહ લગ્ન સમારોહ સમિતિ ધર્મ જાગરણ સમન્વય ઉમરગામ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કર્યુ હતું. જેમાં સમાજનાં સભ્યોએ સમાજનાં લાભાર્થે કોઈની જિંદગી બચાવવા રક્તદાન કરતા ૯૫ બોટલ રકતદાન થયું હતું. રક્તદાતાંઓનો ઉત્સાહ વધારવા ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર, ભાજપ સંગઠન પ્રમુખ દિલીપભાઈ ભંડારી, જિલ્લા સંયોજક આનંદભાઈ પીપૂટકર,



જગદીશ ભાઈ રાઉત, નીલમબેન હળપતિ, વિશખાબેન પાંડે, નીતાબેન હળપતિ, ચેતન પ્રજાપતિ, અશ્વિન ભાઈ ચીખલીયા, પરિમલ ગરાસિયા, ભાયકુભાઈ પવાર સહિત અન્યો મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. હળપતિ પરિયોજના સમૂહ લગ્ન સમારોહ સમિતિનાં પ્રમુખ સુરેશભાઈ હળપતિ અને તેની ટીમે રકતદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# નાહુલી ફાટકથી નેશનલ હાઈવેને જોડતા માર્ગની બિસ્માર હાલત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ તાલુકાના કરમબેલા નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ ને જોડતા નાવલી ફાટક માર્ગની બિસ્માર હાલત થી વાહન ચાલકો અને સ્થાનિક રહીશો તેમ જ શાળાના વિદ્યાર્થીઓ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે સ્થાનિક આગેવાનો દ્વારા વિરોધ દર્શાવી જણાવાયું હતું કે નેશનલ હાઈવે થી દમણ તરફ જતા નાહુલી રેલવે ફાટક સુધીના માર્ગની બિસ્માર હાલતને કારણે અવર-જવર કરતા વાહન ચાલકો અને શાળાના વિદ્યાર્થીઓએ પારાવાર મુશ્કેલી વેઠવી પડી રહી છે. માર્ગમાં મસ મોટા ખાડા વાહન ચાલકો માટે જોખમ રૂપ સાબિત થઈ રહ્યા છે સ્થાનિક આગેવાનો દ્વારા માર્ગના મરામતની કામગીરી સત્વરે હાથ ધરાય એવી માંગ કરાઈ હતી.

# ઉમરગામમાં યોજાયેલ લોક અદાલતમાં ૧૨૭૭ કેશોનો સ્થળ પર જ નિકાલ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** સમાધાનનો અભિગમ અપનાવી પડતર કેસોનો ઝડપથી નિકાલ લાવવા સમય અંતરે લોક અદાલતોનું આયોજન રાજ્યમાં થાય છે. ઉમરગામ ખાતે શનિવારના રોજ લોક અદાલતનું આયોજન થયું હતું જેમાં ૧૨૭૭ કેશોનો સ્થળ પર નિકાલ કરાયો હતો.

ઉમરગામ ખાતે શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે તાલુકા કોર્ટમાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ આર બી મારફતિયાના માર્ગદર્શન હેઠળ કન્સીલેટરની હાજરીમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલત કાર્યક્રમમાં ૧૨૭૭ જેટલા કેસોનો સ્થળ ઉપર નિકાલ કરાયો હતો. ઉમરગામ કોર્ટમાં લોક અદાલતનો આખો કાર્યક્રમ તમામ ચાર કોર્ટના ન્યાયાધીશો, કોર્ટના સ્ટાફની સઘન મહેનત તેમજ ઉમરગામ તાલુકા બાર એસોસિએશનના વકીલોના ઉમદા પ્રયાસોને લઈ સફળ રહ્યો હતો.

ઉમરગામ તાલુકા મથકે ચાર કોર્ટ આવેલી છે. ચારેય કોર્ટમાં ફોજદારી, બેંકને લગતા અલગ અલગ નાણા વસુલાત, ચેક રિટર્ન ના કેશો, લગ્ન વિષયક છૂટાછેડા, ભરણપોષણ , કૌટુંબીક તકરાર, જમીન સંપાદન વળતરને લગતા કેસો, ભાડા મનાઈ હુકમ, કરાર પાલન, વીજ કંપનીને લગતા સમાધાનપાત્ર કેસો હતા, આ લોક અદાલતમાં ૧૨૭૭ જેટલા કેસોનો નિકાલ થયો છે. આ ઉપરાંત પ્રીલીટીગેશન ના ૯૬ કેસોનો નિકાલ થતાં સેટલમેન્ટ પેટે ૧૨,૦૧,૦૮૯ લાખની રકમ વસૂલ કરવામાં આવી હતી. લોક અદાલતમાં ઉમરગામ કોર્ટના ન્યાયાધીશો તેમજ કોર્ટનો સ્ટાફ અને ઉમરગામ બાર એસોસિએશન પ્રમુખ તેમજ કમિટીના સભ્યોએ હાજર રહી લોક અદાલતને સફળ બનાવી હતી.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર
ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


## 'હિંદી દિવસ' નિમિત્તે

# ભીલાડ સરકારી કોલેજમાં કાવ્યપઠન અને કાવ્યગાયન સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ઉમરગામ ભીલાડ સરકારી વિનીયન અને વાણિજ્ય કોલેજ માં હિન્દી દિવસ ની ઉજવણી કરી હતી. ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯નાં દિને ભારતીય સંવિધાનમાં હિંદીભાષાનો ક્રસંઘની રાજભાષા તરીકે સ્વીકાર થયો હતો. આ અવિસ્મરણીય દિનને હિંદી દિવસ તરીકે ભારતભરમાં ઊજવણી કરે છે. કૉલેજના પ્રિ. ડો. કે. એ. ભોયેના માર્ગદર્શન હેઠળ હિંદી વિભાગ દ્વારા કાવ્યપઠન અને કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં પઠનમાં ૧૩ અને ગાયનમાં ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાવ્ય પઠન સ્પર્ધામાં પટેલ અશ્વિની, મંગાત સેજલ અને અંસારી અબ્દુલ વિજેતા થયાં હતાં.કાવ્યગાયન સ્પર્ધામાં મુક્તે એકતા, ભાવર ઉજાલા અને ધોડી ભાવિના વિજેતા થયા હતાં. કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિ. ડૉ. રાકેશ પટેલે હિંદી દિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી. આભાર વિધિ પાટકર સુમિતાએ કરી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચંદ્રકાંતભાઈ અને ઘનશ્યામભાઈ સેવા આપી હતી. કાર્યક્રમમાં ૭૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઉમરગામના ધારાસભ્યના નિવાસ્થાને તાલુકાના સરપંચો સાથે બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસસ્થાને ઉમરગામ તાલુકાના સરપંચોની બેઠક યોજાઈ હતી. જેમાં વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

ઉપરાંત હાલમાં ચાલી રહેલ સદસ્યતા અભિયાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામા આવી અને ધારાસભ્ય રમણલાલ પાટકર તથા સંગઠન પ્રમુખ દિલીપભાઈ ભંડારીએ ઉપસ્થિત તમામ સરપંચને સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ લલીતાબેન દુમાડા, મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, ઉપપ્રમુખ વિલાસભાઈ ઠાકરીયા, જીલ્લા પંચાયત સભ્ય દિપકભાઈ મિસ્ત્રી, સરપંચ સંઘ પ્રમુખ નરેન્દ્રભાઈ નાયક, આઈ ટી સેલ સહ-ઈન્ચાર્જ વ્રજ પટેલ તેમજ સરપંચો ઉપસ્થિત રહ્યાં હતા.

# નારગોલમાં સ્વરછતા અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૪ માં જન્મદિવસ નિમિતે નારગોલ દરિયા કિનારે સ્વરછતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં નારગોલ ગ્રામ પંચાયત, નારગોલ પોલીષ પરિવાર પી આઈ વડવી,



સ્વરછભારત મિશન શૈલેષભાઈ હડપતી, રાકેશભાઈ પટેલ, કેતનભાઈ ટંડેલ, અને યુવા બોર્ડ ઉમરગામ, મહિલા મોરચા પ્રમુખ મનીષાબેન સરપંચ સ્વીટીબેન, ચેતનભાઈ ગજરે ગ્રામ પંચાયત સભ્ય અને ગ્રામ લોકો તથા કર્મચારી મિત્રો ઉપસ્થિત રહી અભિયાનમાં ભાગીદાર બન્યા તથા નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ નારગોલ ગામની આંગણવાડીમાં ઉજવામાં આવ્યો હતો.

જેમાં મનીષાબેન પ્રિતમનાણી અને ગ્રામપંચાયત નારગોલ, સરપંચ સ્વીટીબેન ભંડારી, પી આઈ વડવી અને ચેતનભાઈ તાલુકા સંયોજક પ્રતીક વારલી, હેમંત વારલી, સહ સંયોજક વિનોદભાઈ વારલી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ સ્વીટીબેન ભંડારી નારગોલ તથા મનીષાબેન પ્રિતમનાણીનો યુવા બોર્ડ ઉમરગામ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉમરગામની જે.એન.સી. હાઈ.ના ૪ વિદ્યાર્થી ફુટબોલમાં રાજ્યકક્ષાએ પસંદ થયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૯:** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર આયોજિત S.G.F. શાળાકીય U.17 ફૂટબોલ સ્પર્ધા થયા છે. ઉમરગામ તાલુકાની જે.એન.સી.હાઈસ્કૂલ નાં ચાર વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ફુટ બોલની રમતમાં પસંદગી પામ્યા છે જેઓ તા.૨૨.૦૯.૨૪ નાં દિને સ્પોર્ટ કોમ્પ્લેક્સ પાટણ મુકામે રાજ્યકક્ષાએ યસ વરલી, જતીન રાઉત, ભાર્ગવ માંગેલા, તેજસ કેની રમવા જશે.

ખિલાડીઓને શાળાના આચાર્ય પિયષભાઈ પટેલ તેમજ શાળાના પ્રમુખ રમણભાઈ પાટકર સાહેબ ટ્રસ્ટી મંડળના સભ્યો શાળા પરિવાર અને ગ્રામજનોએ આ ચાર વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી શાળાના વ્યામ શિક્ષક રાજેશભાઈ કેણી આ વિદ્યાર્થીઓને પાટણ મુકામે વલસાડની ટીમ સાથે મોકલશે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Friday 20, September 2024

## એક સાથે ચૂંટણીઓ

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના સો દિવસ પૂરા થતાં ગૃહમંત્રી અમિત શાહે જે રીતે એ સ્પષ્ટ કર્યું કે ૨૦૨૯ પહેલાં જ એક સાથે ચૂંટણી કરાવવાની વ્યવસ્થા કરી દેવામાં આવશે, તેનાથી એ સ્પષ્ટ છેકે સરકાર પોતાના આ મહત્ત્વાકાંક્ષી વાયદાને પૂરો કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાનો પરિચય એક સાથે ચૂંટણી કરાવવાને લઈને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિથી પણ મળ્યો હતો. આ સમિતિએ વ્યાપક વિચાર-વિમર્શ બાદ પોતાના રિપોર્ટમાં એ અડચણોને દૂર કરવાના ઉપાય સૂચવ્યા છે, જે એક સાથે ચૂંટણી કરાવવામાં આડે આવી શકે છે. આ રિપોર્ટ એ જ દર્શાવે છે કે એક સાથે ચૂંટણીના વિરોધમાં અપાઈ રહેલા તર્ક મોટાભાગે ખોખલા જ છે. આ તર્ક એટલા માટે પણ ખોખલા સાબિત થાય છેકે ૧૯૬૭ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે જ થતી હતી. આખરે એ તથ્યના પ્રકાશમાં એ કઈ રીતે કહી શકાય કે એક સાથે ચૂંટણી કરાવવી બંધારણસંમત નથી? શું જ્યારે એક સાથે ચૂંટણીઓ થતી હતી તો શું તે બંધારણની ઉપેક્ષા કરીને થતી હતી? એની પણ અવગણના ન કરી શકાય કે હજુ પણ લોકસભાની સાથે ઓડિશા, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભાની ચૂંટણીઓ થઈ. આખરે જ્યારે લોકસભાની સાથે ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ થઈ શકે છે તો બાકી રાજ્યોની કેમ ન થઈ શકે? વાસ્તવમાં આ દલીલ વિરોધ માટે વિરોધ કરવાની રાજનીતિનું જ ઉદાહરણ છે કે એક સાથે ચૂંટણી કરાવવી વ્યાવહારિક નથી. એક સાથે ચૂંટણી માત્ર એટલા માટે જ ન થવી જોઈએ કે દેશને વારંવાર થનારી ચૂંટણીઓથી મુક્તિ મળશે. તે એટલા માટે પણ થવી જોઈએ, જેથી સંસાધનોની બચત સાથે ચૂંટણી માહોલને કારણે પેદા થનારી બિનજરૂરી રાજકીય કટુતાથી પણ બચી શકાય. વારંવાર ચૂંટણીઓ થતા રહેવાથી સરકારોએ પોતાની પ્રાથમિકતાઓમાં ફેરબદલ કરવા માટે પણ મજબૂર થવું પડે છે. તેનાથી વિકાસ અને જનકલ્યાણનાં કામ પ્રભાવિત થાય છે. એક સાથે ચૂંટણીમાં જો કંઈક બાધક છે, તો તે છે રાજકીય સંકીર્ણતા. રાષ્ટ્રહિતમાં આ સંકીર્ણતા છોડવી જ જોઈએ, જો વિરોધ પક્ષો છોડી શકે તો! શું એવા દેશોને ઓછા લોકતાંત્રિક કહી શકાય, જ્યાં સંસદની સાથે વિધાનસભાઓની ચૂંટણીઓ પણ થતી હોય? એ ઠીક નથી કે એક સાથે ચૂંટણીનો વિરોધ કરી રહેલ રાજકીય પક્ષ અન્ય રાજકીય અને ચૂંટણી સુધારાને અપનાવવાથી પણ બચી રહ્યા છે. સમયની માંગ તો એ જ છે કે તેમને ન માત્ર એક સાથે ચૂંટણી પર સહમત થવું જોઈએ, બલ્કે એવી કોઈ વ્યવસ્થા બનાવવા પર પણરાજી થવું જોઈએ, જેમાં ઉમેદવારોની પસંદગીમાં કાર્યકર્તાઓ અને સાથે જ જનતાની પણ ભાગીદારી હોય. હજુ તો ઉમેદવાર પસંદગીમાં મનમાની જ થાય છે. જોકે તેના દુષ્પરિણામો રાજકીય પક્ષો જ ભોગવે છે, પરંતુ કોઈ નથી જાણતું કે તેઓ ઉમેદવાર પસંદગીની લોકતાંત્રિક પ્રક્રિયા કેમ અપનાવવા નથી માગતા?

### વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન

# કોંગ્રેસના "વારસદાર" આપણા દેવી-દેવતાને ભગવાન નથી માનતા

### કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે : વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૧૯: જમ્મુ-કાશ્મીરમાં ૨૫ સ્પટેમ્બરના રોજ યોજાનાર બીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરાની રેલીમાં જય કારા શેરોવાલીના જયકારથી પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. પીએમ મોદીએ અહીં રાહુલ ગાંધી પર નિશાન સાધતા તેમને કોંગ્રેસનો વારસદાર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના વારસદારે વિદેશમાં જઈને શું કહ્યું તે તો તમે બધાએ સાંભળ્યું જ હશે. તેઓ કહે છે કે આપણા દેવી-દેવતા ભગવાન નથી. હિન્દુ ધર્મમાં ગામ-ગામમાં દેવતાઓની પરંપરા છે. આપણે ઈષ્ટ દેવોમાં શ્રદ્ધા રાખનારા લોકો છીએ અને આ કોંગ્રેસ વાળા કહે છે કે દેવતા ભગવાન નથી. શું આ આપણા દેવતાઓનું અપમાન નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ, આજે ગુરુવારે શ્રીનગરમાં તેમની પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે, ગઈકાલે અહીં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. પ્રથમ વખત આતંકના ઓછાયા વગર નિર્ભિક રીતે મતદાન થયું. અહીંના રાજકીય રાજવંશો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે.

પીએમ મોદીએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં અત્યારે લોકશાહીનો તહેવાર ચાલી રહ્યો છે. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. બધાએ પણ ખુલ્લા મનથી મતદાન કર્યું હતું. ઘણી બેઠકો પર મતદાનનો રેકોર્ડ તૂટ્યો હતો. તમે લોકોએ નવો ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે જ ૭ જિલ્લામાં પ્રથમ રાઉન્ડનું મતદાન થયું હતું. પ્રથમ વખત આતંકના પડછાયા વગર આ મતદાન થયું. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા ઘરની બહાર નીકળ્યા તે આપણા બધા માટે ખૂબ જ આનંદ અને ગર્વની વાત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કિશ્તવાડમાં ૮૦% થી વધુ, ડોડા જિલ્લામાં ૭૧% થી વધુ મતદાન, રામબનમાં ૭૦% થી વધુ અને કુલગામમાં ૬૨% થી વધુ મતદાન થયું છે. ઘણી બેઠકો પર ગત વખતના મતદાનનો રેકોર્ડ તૂટી ગયો છે. આ એક નવો ઈતિહાસ રચાયો છે, આ નવો ઈતિહાસ જમ્મુ-કાશ્મીરના લોકોએ રચ્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ-NC-PDP એ જ વિભાજન સર્જ્યું. પરંતુ ભાજપ દરેકને જોડે છે. અમે દિલ અને દિલ્હી વચ્ચેનું અંતર દૂર કરી રહ્યા છીએ.

કેન્દ્રશાસિત પ્રદેશના ત્રણ પરિવારો પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કાશ્મીરના વિનાશ માટે ત્રણ પરિવાર જવાબદાર છે. આ ત્રણ પરિવારોને લાગે છે કે તેમના પર કોઈ કેવી રીતે સવાલ ઉઠાવી શકે. તેમનો ઉદ્દેશ્ય કોઈને કોઈ રીતે ખુરશી પર ટકી રહેવાનો અને તમને લૂંટવાનો છે. આ લોકોનું કામ તમને તમારા કાયદેસરના અધિકારોથી વંચિત રાખવાનું છે. તેઓએ જમ્મુ-કાશ્મીરને માત્ર તાશદ્યુત એટલે કે ડર અને ઈન્તિશર એટલે કે અરાજકતા જ આપી છે. પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ પરિવારની પકડમાં નહીં રહે.

પીએમ મોદીએ કહ્યું કે, તેનો ઉદ્દેશ્ય જમ્મુ-કાશ્મીરને આતંકથી મુક્ત કરવાનો, જમ્મુ-કાશ્મીર વિરુદ્ધ ષડયંત્ર રચી રહેલી દરેક શક્તિને હરાવવા અને અહીંના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવાનો છે. આ મોદીનો ઈરાદો છે, મોદીનું વચન છે.

શાંતિ પુનઃસ્થાપિત કરવા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "હું આ ત્રણ પરિવારો દ્વારા આપણી બીજી પેઢીને બરબાદ થવા નહીં દઉં. હું અહીં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણ ઈમાનદારી સાથે કામ કરી રહ્યો છું. આજે જમ્મુ-કાશ્મીરમાં શાળાઓ અને કોલેજો સુચારૂ રીતે ચાલી રહી છે. "બાળકોના હાથમાં પેન, પુસ્તકો, લેપટોપ હોય છે." તેમણે વધુમાં કહ્યું, "આજે શાળાઓમાં આગના કોઈ અહેવાલ નથી, પરંતુ આજે નવી શાળાઓ, નવી કોલેજો, એઈમ્સ, મેડિકલ કોલેજ, આઈઆઈટીના નિર્માણના અહેવાલો છે.

બીજા તબક્કાના મતદાન પહેલા પીએમ મોદીએ કટરામાં કહ્યું કે, કોંગ્રેસ તો થોડા મતો માટે આપણી આસ્થા અને આપણી સંસ્કૃતિને ગમે ત્યારે દાવ પર લગાવી શકે છે. અમેરિકામાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના નિવેદનનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું. સ્એ કહ્યું કે, કોંગ્રેસના લોકો ભૂલથી આવી વાતો નથી બોલતા પરંતુ આ તેમની ઈરાદાપૂર્વકની ચાલ છે. આ નક્સલવાદી વિચારસરણી છે અને અન્ય દેશોમાંથી ઈમ્પોર્ટ કરવામાં આવેલી વિચારસરણી છે.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, તમારે કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના જે પરિવારોએ આ વિસ્તારને વર્ષો સુધી ઘાવ આપ્યા, જખમ આપ્યા તેમના રાજકીય વારસાનો સૂર્યાસ્ત કરવો પડશે. તેના માટે તમારે કમળના નિશાનને પસંદ કરવું પડશે. એ ભાજપ જ છે જે તમારા હિતોને પ્રાથમિકતા આપે છે. એ ભાજપ જ છે જેણે તમારી સાથે દાયકાઓથી ચાલી રહેલા ભેદભાવને ખતમ કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના નેતાએ ઈરાદાપૂર્વક ડોગરા વિરાસત પર આ હુમલો કર્યો છે. આ મહોબ્બતની દુકાનના નામ પર નફરતનો સામાન વેચવાની આ તેમની જૂની નીતિ છે. તેમને વોટ બેંક સિવાય બીજું કંઈ નથી દેખાતું. તે ભારતમાં ભ્રષ્ટાચારના જન્મદાતા છે.

### ૨૭૪ સ્કૂલો બંધ : ૩૦૦ જેટલા ગામ ડૂબી ગયા

# ઉત્તર પ્રદેશ અને બિહારમાં વરસાદ-પૂરથી જળબંબાકાર

### હિમાચલમાં વરસાદથી અત્યાર સુધીમાં ૧૭૨ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા.૧૯: દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે અને જનજીવન ખોરવાઈ ગયું છે. યુપી સહિત ઘણા રાજ્યોમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે. બિહારમાં તો સ્થિતિ વધુ ખરાબ છે. અહીં પૂરના કારણે ૨૭૪ સ્કૂલો બંધ કરવામાં આવી છે. જ્યારે ૨૦ સ્કૂલો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગઈ છે. આથી બુધવારથી શરુ થતી પરીક્ષાને પૂરના કારણે હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે. ત્યારે યુપીના ૨૪ જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. યુપીમાં ઘાઘરા, ગંડક, ગંગા, વરુણા નદી પૂરથી પ્રભાવિત થઈ છે. ગોંડા જિલ્લાના ૩૫ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.

બીજી તરફ અયોધ્યામાં સરયૂ નદીમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. લખીમપુર ખેરીના ઘણા ગામોનો જિલ્લા મુખ્યાલય સાથે સંપર્ક તૂટી ગયો છે. યુપીના લગભગ ૩૦૦ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. પ્રયાગરાજ, ઈટાવા અને મિર્ઝાપુરમાં ૮મી સુધીની શાળાઓ બંધ કરી દેવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં અવિરત વરસાદને કારણે બુધવારે ૫૦ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ થયો છે. હિમાચલમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ૧૭૨ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦ લોકો હજુ પણ લાપતા છે. ઝારખંડ અને બંગાળના અનેક જિલ્લા પૂરની ઝપેટમાં છે. જ્યારે ઓડિશાના ૨૫૦ ગામોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. દક્ષિણ બંગાળના ઘણા જિલ્લાઓમાં પૂરના કારણે સ્થિતિ ખરાબ છે. અહીંના બેરેજ અને ડેમ પાણીથી ભરાઈ ગયા છે. અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ યથાવત છે. દામોદર વેલી કોર્પોરેશનના બેરેજમાંથી પાણી છોડવામાં આવ્યું છે. જેના કારણે આગામી ૨-૩ દિવસ સુધી સ્થિતિ ખરાબ રહેવાની સંભાવના છે.

# ભારત-અમેરિકાના સંબંધોથી ચીન અને રશિયા ચિંતિત

### બાઈડેને કહ્યું હતું કે, અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ સુરક્ષિત સ્થળ હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

વૉશિંગ્ટન, તા.૧૯: ચીન અને રશિયા ભારત-અમેરિકાના મજબૂત બનતા સંબંધોથી ચિંતિત છે. બંને દેશ સર્વસમાવેશિતા, શાંતિ અને વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં જુદાજુદા વર્ગોના મતનું સન્માન કરતા હોવાથી ચીન અને રશિયા ચિંતામાં છે એવી ટિપ્પણી અમેરિકાના ટોચના રાજદ્વારીએ સોમવારે કરી હતી. પ્રતિષ્ઠિત હડસન ઈન્સ્ટિટ્યુટમાં ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર મેનેજમેન્ટ અને રિસોર્સિસ રિચર્ડ વર્માએ જણાવ્યું હતું કે, "તમને શું લાગે છે કે ચીન અને રશિયા આ (ભારત-અમેરિકાની) ભાગીદારીથી આટલા ચિંતિત કેમ છે? કારણ કે અમે બાકીના વિશ્વને સર્વસમાવેશિતા, શાંતિ, વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલ તેમજ કાયદાના પાલન અંગે શીખવીએ છીએ. ભારત અને અમેરિકા સમાજના દરેક વ્યક્તિનો અવાજ સાંભળે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ભારત અને અમેરિકા વચ્ચેનો સંબંધ અમેરિકાના ઘણા વિરોધીઓના અન્ય દેશ સાથેના સંબંધ કરતા 'બહુ અલગ' છે. પ્રેસિડેન્ટ જો બાઈડેને આ વિશેષતાને કારણે જ બંને દેશના સંબંધોને 'વર્તમાન શતાબ્દીના સૌથી મહત્વના સંબંધ' તરીકે ઓળખાવ્યો છે. રિચર્ડ વર્માએ ભૂતકાળને વાગોળતા જણાવ્યું હતું કે, "લગભગ ૨૦ વર્ષ પહેલાં હું એ સમયના સેનેટર બાઈડેન અને સ્ટાફ ડિરેક્ટર ટોની બ્લિન્કન સાથે સેનેટમાં ઊભો હતો ત્યારે બાઈડેને કહ્યું હતું કે, અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ સુરક્ષિત સ્થળ હશે." તેમણે કહ્યું હતું કે, "માત્ર આપણી પાસે મોટું લશ્કર છે કે બંને દેશ મોટા અર્થતંત્ર છે એટલે નહીં, પણ આપણે વિશ્વભરના લોકોના રોજિંદા જીવનને સ્પર્શતી સમસ્યા માટે દ્રઢતાથી ઊભા રહીએ છીએ એટલે ભારત-અમેરિકાનો સંબંધ મહત્વનો છે."

### અગ્નિવીરને કાયમી નોકરી, ઉદ્યોગકારોને ૨૫ લાખ સુધીની લોન

# હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

### મહિલાઓને ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસ આપવા સહિતના અનેક વચનો ચૂંટણી ઢંડારામાં સામેલ કરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

હરિયાણા,તા.૧૯: હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીએ તેનું નામ સંકલ્પ પાત્ર રાખ્યું છે. ઠરાવ પત્રમાં ભાજપે હરિયાણાની જનતાને ૨૦ વચનો આપ્યા છે. જેમાં દરેક અગ્નિવીરને કાયમી નોકરી, મહિલાઓને ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસ આપવા સહિતના અનેક વચનો સામેલ છે. રોહતકમાં મેનિફેસ્ટો બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. આ દરમિયાન રાજ્યના સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું કે આ મેનિફેસ્ટો ચૂંટણી માટે નથી. ઠરાવ પત્ર બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને એક છેતરપિંડી ગણાવ્યો હતો.

દરમિયાન ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે હરિયાણાને નોન-સ્ટોપ સેવા આપી રહ્યા છીએ અને તમારે તેને નોન-સ્ટોપ કરવામાં મોટી જવાબદારી નિભાવવાની છે. અમે જે કહ્યું તે અમે કર્યું છે, અમે જે કહ્યું નથી તે પણ કર્યું છે અને અમે જે કહીશું તે પણ કરીશું. નડ્ડાએ કહ્યું કે અમે નક્કી કર્યું છે કે 'લાડો લક્ષ્મી યોજના' હેઠળ તમામ મહિલાઓને દર મહિને ?૨,૧૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે. IMT ખારઘોડાની તર્જ પર ૧૦ ઔદ્યોગિક શહેરો બનાવવામાં આવશે અને આસપાસના ગામડાના ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવશે. તેવી જ રીતે, વિવા આયુષ્માન હેઠળ પ્રતિ વર્ષ ૫ લાખ રૂપિયાની રકમ વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવશે.

# મથુરામાં માલગાડીના ૨૦ ડબ્બા પાટા પરથી ઉતર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯: ઉત્તર પ્રદેશના મથુરામાં આગરાથી દિલ્હી જઈ રહેલી માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. જેના કારણે આગ્રા-દિલ્હી રેલ્વે ટ્રેક ખરાબ રીતે ખોરવાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ માલગાડીના ૨૦થી વધુ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. દુર્ઘટનાના કારણે આગ્રાથી દિલ્હી જતી અને દિલ્હીથી આગ્રા આવતી ટ્રેનો જ્યાં હોય ત્યાં રોકી દેવામાં આવી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું છે કે ટ્રેકને રિપેર કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. ટૂંક સમયમાં રેલ વ્યવહાર સુચારૂ રીતે શરૂ કરવામાં આવશે. અકસ્માતના કારણે સેંકડો મુસાફરો મુંઝવણમાં મુકાયા છે. દરમિયાન, આગ્રા રેલ્વે વિભાગના મથુરામાં વૃંદાવન અને અજાઈ વચ્ચે કોલસા વહન કરતી માલગાડી રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેનના ૨૦ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે અને ટ્રેક પર કોલસો ફેલાઈ ગયો છે. લાઈન સપ્લાયના થાંભલા પણ તૂટી ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે રેલવે ટ્રેકને રિપેર કરવામાં ઓછામાં ઓછા ૧૦-૧૨ કલાકનો સમય લાગશે. દુર્ઘટનાની માહિતી મળતા જ રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આગરા રેલ્વે વિભાગના પીઆરઓ પ્રશસ્તિ શ્રીવાસ્તવે જણાવ્યું કે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. દિલ્હી-આગ્રા અપ-ડાઉન ટ્રેક ખોરવાઈ ગયો છે અને તેને રિપેર કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

### અમે હિંદ મહાસાગરમાં ભારત સાથે કામ કરવા ઉત્સુક : અમેરિકા

# હિંદ મહાસાગરમાં દબદબો વધારવા ભારત-અમેરિકાએ શરૂ કરી કવાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯: ચીન હિંદ મહાસાગરમાં છેલ્લા ઘણાં સમયથી પોતાનું પ્રભુત્વ વધારી રહ્યો છે, જેના કારણે ભારત અને અમેરિકા બંને દેશો ચિંતિત છે. અમેરિકાએ ડ્રેગનના પ્રભાવને અટકાવવા માટે આજે મોટી જાહેરાત કરી છે. અમેરિકી રાજ્યના નાયબ સચિવ કર્ટ એમ કેમ્પબેલ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, હિંદ મહાસાગરમાં પ્રભાવ વધારવા માટે અમેરિકા ભારતનો ગાઢ સહયોગ ઈચ્છે છે.

કેમ્પબેલે હાઉસ ફોરેન અફેર્સ કમિટી રિપબ્લિકનમાં નિવેદન આપ્યું છે કે, 'હું તમને માહિતી આપવા માંગું છું કે, અમેરિકા અને ભારત હિંદ મહાસાગર પર એકસત્ર યોજવા જઈ રહ્યા છે, જેમાં અમારી આંતરિક ચિંતાઓ શું છે, આપણે બંને દેશો એકસાથે કેવી રીતે ચર્ચા કરી શકીએ છીએ? તે તમામ મુદ્દાઓ પર અમે વાતચીત કરીશું. અહેવાલોમાં જણાવ્યા મુજબ, અમેરિકા હિંદ મહાસાગરમાં ભારત જેવા ભાગીદાર સાથે કામ કરવા ઉત્સુક છે. આ માર્ગ વૈશ્વિક વેપાર માટે ખૂજ મહત્ત્વનો છે. વિશ્વના અનેક દેશો માટે હિંદ મહાસાગર અતિમહત્વનો રૂટ છે, અહીંથી અનેક માલવાહક જહાજો પસાર થતા હોય છે.

એક અંદાજ મુજબ વિશ્વનો ૬૦ ટકા સમુદ્રી વેપાર હિંદ મહાસાગરના રૂટ પરથી જ પસાર થાય છે. આ રૂટ પરથી વિશ્વના એક તૃતીયાંશ કન્ટેનર કાર્ગો, વિશ્વના બે તૃતીયાંશ તેલ શિપમેન્ટ, લગભગ ૩૬ મિલિયન બેરલની આયાત-નિકાસ થાય છે.

ભારત, અમેરિકા અને ચીન સહિત અનેક દેશો માટે વેપારનો મુખ્યમાર્ગ ગણાતું હિંદ મહાસાગર મહત્વનો રૂટ છે અને આ રૂટ પર સૌથી વધુ ચીને પોતાનો પ્રભાવ વધાર્યો છે. અહીં તેણે સૈન્ય અડ્ડો તો પહેલેથી જ સ્થાપી દીધો છે, ત્યારે હવે તે હિંદ મહાસાગરમાં કાયમી વિમાનવાહક જહાજ ઉતારવાની તૈયારીમાં છે, જેના કારણે ભારત અને અમેરિકા બંને દેશો ચિંતિત છે. આવી સ્થિતિમાં બંને દેશો આ મુદ્દાઓ પર સાથે કામ કરવા રાજી થઈ શકે છે.

# અભિનેતા દીપક તિજોરી સાથે પોણા બે કરોડનું ફ્રોડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ,તા.૧૯: હિન્દી ફિલ્મ અભિનેતા દીપક તિજોરીએ ફિલ્મ નિર્માતા વિક્રમ ખખ્ખર વિરુદ્ધ મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. જેમાં અભિનેતાએ લગભગ ૨.૨૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે દીપક તિજોરીની ફરિયાદ પર અંબોલી પોલીસે વિક્રમ ખખ્ખર વિરુદ્ધ છેતરપિંડીની કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. આ સાથે પોલીસે આરોપીઓને શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે અભિનેતા દીપક તિજોરી વર્ષ ૨૦૧૯માં આરોપી વિક્રમ ખખ્ખરને મળ્યો હતો, ત્યારબાદ દીપક તિજોરીએ ખખ્ખરને કહ્યું હતું કે તે ટિપ્સી નામની ફિલ્મ બનાવી રહ્યો છે, પરંતુ આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો હતો. આ પછી ખખ્ખર તિજોરીને કહ્યું કે લંડનમાં તેની ઓળખ છે અને તે લંડનમાં તેની ફિલ્મ બનાવી શકે છે. આ માટે લગભગ ૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, ત્યારબાદ દીપક તિજોરીએ ૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ પોતાના બેંક ખાતામાંથી ૧ કરોડ ૭૪ લાખ રૂપિયા ખખ્ખરની કંપની થોટ બેન્ચર્સના ખાતામાં ટ્રાન્સફર કર્યા.

થોડા દિવસો પછી, જ્યારે તિજોરીએ ફિલ્મ વિશે પૂછ્યું, ત્યારે ખખ્ખરે કહ્યું કે કોરોનાને કારણે લંડનમાં બધું બંધ છે. કોરોના ખતમ થયાના થોડા દિવસો પછી, વિક્રમ ખખરે તિજોરીને ફરીથી ફિલ્મ બનાવવાનું વચન આપ્યું હતું, પરંતુ ઘણા દિવસો પછી પણ તેણે ફિલ્મ બનાવી ન હતી. જ્યારે દીપક તિજોરીએ ૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ મેસેજ મોકલીને ખખ્ખર પાસેથી પૈસા પાછા માંગ્યા ત્યારે પણ તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. આ દરમિયાન દીપક તિજોરીને એ પણ ખબર પડી કે તેણે ખખ્ખરને જે પૈસા આપ્યા હતા તેમાંથી તેણે એક પૈસો પણ ફિલ્મ બનાવવા માટે ખર્ચ્યો નથી. ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે ખખ્ખરે તેમની સાથે છેતરપિંડી કરી છે.

આ પછી દીપક તિજોરીએ ૧૭ સપ્ટેમ્બરે અંબોલી પોલીસ સ્ટેશનમાં ખખ્ખર વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. પોલીસને આપેલા નિવેદનમાં દીપક તિજોરીએ કહ્યું છે કે માર્ચ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૪ સુધી તે વિક્રમ ખખ્ખરને ફિલ્મ વિશે પૂછતો રહ્યો, પરંતુ તે ટાળતો રહ્યો.

### તમામ પક્ષકારોને ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ

# અમેરિકાની કોર્ટે NSA ડોભાલ અને ભારત સરકારને પાઠવ્યું સમન્સ

### અમેરિકાની અદાલતે ખાલિસ્તાની આતંકવાદી પન્નુની હત્યાના કાવતરાના આરોપમાં ભારત સરકારને સમન્સ જારી કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૯: અમેરિકાની એક અદાલતે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના આરોપમાં ભારત સરકારને સમન્સ જારી કર્યું છે. ભારત સરકારે આ અંગે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે આને સંપૂર્ણપણે ખોટું ગણાવ્યું છે. જ્યારે વિદેશ સચિવ વિક્રમ મિસરીને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે આ બિલકુલ ખોટું છે અને અમને તેની સામે વાંધો છે. ન્યૂયોર્કના દક્ષિણી જિલ્લાની જિલ્લા અદાલતે આ સમન્સ ભારત સરકાર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, પૂર્વ ઇછઉ ચીફ સામંત ગોયલ, ઇછઉ એજન્ટ વિક્રમ યાદવ અને ઉદ્યોગપતિ નિખિલ ગુપ્તાના નામ પર જારી કર્યા છે.

આ સમન્સમાં તમામ પક્ષકારોને ૨૧ દિવસમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. અમેરિકી કોર્ટના સમન્સ પર વિદેશ સચિવે કહ્યું કે જ્યારે આ મામલો પહેલીવાર અમારા ધ્યાન પર આવ્યો ત્યારે અમે કાર્યવાહી કરી. આ મુદ્દે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જે તપાસ કરી રહી છે. હવે હું તે વ્યક્તિ તરફ ધ્યાન દોરવા માંગુ છું જેણે આ કેસ દાખલ કર્યો છે. ગુરપતવંત સિંહ પન્નુનો ઈતિહાસ બધા જાણે છે કે તે કેવી રીતે ગેરકાયદેસર સંગઠન સાથે જોડાયેલા છે.

ગુરપતવંત સિંહ કટ્ટરવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના વડા છે. તેઓ ભારતીય નેતાઓ અને સંસ્થાઓ વિરુદ્ધ ઝેરીલા નિવેદનો આપતા રહ્યા છે. ભારત સરકારે ૨૦૨૦માં ગુરપતવંત સિંહ પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં બ્રિટિશ અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સે તેના એક અહેવાલમાં દાવો કર્યો હતો કે અમેરિકાએ પન્નુની હત્યાના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પન્નુ પાસે અમેરિકા અને કેનેડા બંનેની નાગરિકતા છે. જો બિડેન વહીવટીતંત્ર દ્વારા પાછળથી આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી હતી. આ મુદ્દાની માહિતી મળતાં જ વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે જો આવું છે તો તે ચિંતાનો વિષય છે. અમે આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ કરાવીશું.

### પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન થયું

# ૧૨૪ દેશોએ પેલેસ્ટાઈન સંબંધિત પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

લંડન, તા.૧૯: યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન કરવાથી ભારત દૂર રહ્યું. આ ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે, પેલેસ્ટાઈન પર ઈઝરાયેલના ગેરકાયદે કબજાને શક્ય તેટલી વહેલી તકે દૂર કરવામાં આવે અને તે પણ કોઈપણ વિલંબ વગર ૧૨ મહિનાની અંદર. ભારતે આ પ્રસ્તાવ પર મત આપ્યો ન હતો.

### ૧૪ દેશોએ પ્રસ્તાવના વિરોધમાં મતદાન કર્યું

૧૨૪ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. એટલે કે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં, પેલેસ્ટાઈનના કબજે કરેલ વિસ્તાર ખાલી કરવા માટે ઈઝરાયેલને ૧૨૪ દેશે કહી દીધુ છે. અમેરિકા સહિત ૧૪ દેશોએ આ પ્રસ્તાવની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. ઈઝરાયેલ અને અમેરિકાએ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે ભારત સહિત ૪૩ દેશોએ મતદાનમાં ભાગ જ લીધો ન હતો. જ્યારે, જે દેશે મતદાનમાં ભાગ લીધો ન હતો તેમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, ઈટાલી, નેપાળ, યુક્રેન અને બ્રિટનનો સમાવેશ થાય છે.

બુધવારે પસાર કરાયેલા ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે, ઈઝરાયેલ કબજા હેઠળના પેલેસ્ટિનિયન ક્ષેત્રમાં કોઈપણ વિલંબ વિના અને વર્તમાન ઠરાવને અપનાવ્યાના ૧૨ મહિનાની અંદર તેની ગેરકાયદેસર હાજરી દૂર કરે. તેમાં એમ પણ કહેવાયું છે કે અધિકૃત પેલેસ્ટાઈન ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કાયદાના કોઈપણ ઉલ્લંઘન માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવું જોઈએ.

## વલસાડ તાલુકા નીરા મંડળીના પ્રમુખપદે બાબુભાઈ પટેલની સર્વાનુમતે વરણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૧૯:** ડો. કેવશભાઈ પટેલ વલસાડ તાલુકા નીરા તાડ-ગોળ ઉત્પાદક સહકારી મંડળી લિ. ની વ્યવસ્થાપક સમિતિની મળેલી મીટીંગમાં આગામી પાંચ વર્ષ માટે સતત બીજી વાર મંડળીના પ્રમુખ તરીકે બાબુભાઈ સોમાભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જયારે મંડળીના ઉપપ્રમુખ પદે દિનેશભાઈ પરાગભાઈ પટેલની પણ સર્વાનુમતે વરણી કરાઈ છે. નવા વરાયેલા નીરામંડળી મંડળીના પ્રમુખ બાબુભાઈ પટેલે સૌ સભાસદોના સહકારથી મંડળીની પ્રગતિ અને વિકાસ જાળવી રાખવાનો સંકલ્પ વ્યકત કર્યો છે.

વલસાડ તાલુકા નીરા તાડ-ગોળ સહકારી મંડળીની સાત સભ્યોની વ્યવસ્થાપક સમિતિની મીટીંગ પ્રમુખ-ઉપપ્રમુખથી વરણી કરવા માટે મંડળીના વરિષ્ઠ સભાસદ ડો. વિનોદરાય બાલુભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાઈ હતી. જેમાં મંડળીના પ્રમુખ તરીકે વલસાડ તાલુકાના જુજવા ગામના પીઢ સહકારી આગેવાન અને ગત બોર્ડના પ્રમુખ બાબુભાઈ પટેલના નામની દરખાસ્ત ડો.અશોકભાઈ લલ્લુભાઈ પટેલે રજુ કરી હતી. જેને કમીટીના સભ્ય દિનેશભાઈ પરાગભાઈ પટેલે સમર્થન આપ્યુ હતું. જેથી સર્વાનુમતે બાબુભાઈ પટેલની સતત બીજી ટર્મ માટે વલસાડ તાલુકા નીરા તાડ-ગોળ મંડળીના પ્રમુખપદે વરણી કરાઈ હતી. જયારે ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ પરાગભાઈ પટેલની દરખાસ્ત ફણસવાડાના તુષારભાઈ રતિલાલ પટેલે મુકી હતી. જેને મહેશભાઈ પટેલે ટેકો આપતા તેઓ પણ નિવિરોધ ચૂંટાઈ આવ્યા હતા. નવા વરાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખનું ઉપસ્થિત સભ્યો અને સભાસદોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું.

મંડળીના સતત બીજીવાર પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા બાબુભાઈ પટેલે જણાવ્યુ હતું કે વલસાડ તાલુકા નીરા તાડગોળ મંડળીની સ્થાપના ડો. કેશવભાઈ પટેલે સને.૧૯૫૪ માં જે આશા અને આકાંક્ષાઓથી સ્થાપિત કરી હતી. તેમના સ્વપ્નોને સાકાર કરવા તેઓ મંડળીના તમામ સભાસદોને સાથે રાખી પ્રગતિની આગેકૂચ જાળવી રાખવા કૃતનિશ્રયી છે. તેમણે કહયું વલસાડ વિભાગમાં નીરાનું ઉત્પાદન પૂરતા પ્રમાણમાં થાય અને અન્ય તાલુકામાંથી નીરો વેચાણ માટે લાવવો ન પડે તે માટે મંડળી પુરતા પ્રમાણમાં ખજુરીના વૃક્ષોના વાવેતર અને જતન કરશે. આ માટે મંડળીના મગોદ ગામ ખાતેના ફાર્મમાં ખાલી રહેલી ૧૦ એકર જેટલી જગ્યામાં ખજુરીના વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે.

## વાપી કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વચ્છતા અંગે રેલી યોજી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૯:** સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ચાલતા સ્વચ્છ ગુજરાત અભિયાનમાં વાપીના કન્યાશાળાની વિદ્યાર્થીઓની હોય નગરમાં સ્વચ્છતા રાખવા માટે નગરજનોને જાગૃત કરવા માટે રેલી કાઢી સ્વચ્છતાનો સંદેશો વહેતો કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ હાલમાં તારીખ ૧૭-૯-૨૦૨૪થી ૨-૧૦-૨૦૨૪ સુધીના એક પખવાડિયામાં સમગ્ર દેશમાં તેમજ રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી છેલ્લા દસ વર્ષથી ચાલી રહ્યું છે. જે અંતર્ગત વાપીમાં પણ આ અભિયાન શરૂ કરાયું છે. જેમાં ગત તારીખ ૧૮-૯-૨૦૨૪ને બુધવારના રોજ વાપી ટાઉનમાં આવેલ વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિતની વિદ્યાર્થીનીઓએ વાપીના મુખ્ય માર્ગ ઉપર સ્વચ્છતા અંતર્ગત રેલી કાઢી નગરજનોને નગરમાં સ્વચ્છતા રાખવા માટેનો સંદેશો આપી જાગૃત કરાયા હતા. આ રેલીમાં વાપી નગરપાલિકાના માજી ઉપપ્રમુખ અભયભાઈ શાહ નગરપાલિકાના એકાઉન્ટ ઓફિસર હિતેશભાઈ વાણંદ અને તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં કન્યાશાળાની વિદ્યાર્થીનીઓ સાથે શાળાને આચાર્ય અને શિક્ષિકાઓ પણ આ રેલીમાં જોડાઈ હતી.

### ૧૬th SCOBA Pride Award (SPA ૨૦૨૪) દ્વારા

## એસબીપીપી બેન્કને બેસ્ટ પ્રોફિટાબિલિટી મેનેજમેંટ તથા ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી માટે એવોર્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વાપી,તા.૧૯:** સરદાર ભીલાડવાલા બેન્ક ઉત્તરોત્તર પ્રગતિના પંથે અગ્રેસર રહેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે બેન્કની કુલ થાપણ રૂા.૯૨૪ કરોડ અને બેન્કનું કુલ ધિરાણ રૂા. ૬૩૧ કરોડ રહેલ હતું. બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા. ૨૯.૨૧ કરોડનો કુલ નફો કરેલ હતો તે બેન્કના ૯૫ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ રહેલ છે. તેથી બેન્કે આટલા વર્ષોના ઈતિહાસમાં સૌથી વધારે તેવું ૨૦ ટકા જેટલુ માતબર ડિવિડંડ આપેલ છે. સમગ્ર ગુજરાતમાં માત્ર ગણી-ગાંઠથી બેન્કો કે જેઓ રિઝર્વ બેન્કની ગાઈડલાઈન મુજબ આઈએફઆર અને આઈડીઆર રાખેલ હોય તેવી બેન્કોમાં સરદાર ભીલાડવાલા બેન્કનો સમાવેશ થાય છે. જે બેન્કની નાણાકીય સદ્ધરતા અને વહીવટની પારદર્શિતાનો પુરાવો છે. બેન્કને રિઝર્વ બેન્ક તરફથી આપવામાં આવતા CAMELS રેટિંગમાં નાણાકીય તરલતાના મુદ્દે ૫માંથી ૫ ગુણ મળેલ છે તે-બેન્કના સક્ષમ પદાધિકારીઓની ખંતપૂર્ણ મેહનતનો સૂચક છે.

ખાસ કરીને આ પ્રગતિ બેન્કમાં ભાજપ પ્રેરિત પેનલ આવ્યા પછી ત્રણ વર્ષોમાં થયેલ છે તે નોંધનીય બાબત છે તેનો શ્રેય હાલના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈને જાય છે. વર્ષોથી માધવપુરા મર્કન્ટાઈલ બેન્કમાં અટવાયેલા નાણાં પણ ઘણા અંશે સરદાર ભીલાડવાલા બેન્કને પાછા મળેલ છે તે નોંધનીય બાબત છે.

ઉપરોક્ત પ્રગતિને ધ્યાને રાખીને બેન્કને હાલમાં જ સાઉથ ગુજરાત કો-ઓપ બેન્કસ એસોશિયેશન SCOBA Pride Award (SPA ૨૦૨૪) અમૃતસર ખાતે યોજાયેલ સમારોહમાં મોટી બૅન્કોની કેટેગરીમાં બેસ્ટ ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી અને બેસ્ટ પ્રોફિટબિલિટી મેનેજમેંટ માટે ના બે એવોર્ડસ એનાયત કરવામાં આવેલ છે. જે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી ચેરમેન જિતેન્દ્રભાઈ દેસાઈએ સ્વીકાર્યા હતા. ઉપરોકત બાબતનો શ્રેય હાલના ચેરમેન જિતેન્દ્રભાઈ દેસાઈ, સમસ્ત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને બોર્ડ ઓફ મેનેજમેંટ તથા ખંતીલા કર્મચારી ગણને જાય છે. આશા છે બેન્ક ભવિષ્યમાં પણ પ્રગતિના બીજા આયમો સર કરીને સામાન્ય માણસથી લઈને મોટા ઉદ્યોગપતિઓ સુધી બધાની નાણાંકીય જરૂરિયાતો સંતોષાય તેવા પ્રયત્નો ચાલુ રાખશે.

### ઈમરજન્સી રેસ્કયુ ટીમ ચણોદના સહયોગથી

## દમણગંગા નદીના વિયર ડેમ પાસે અનંત ચૌદસે ૧૩૮ ગણેશ મંડળોએ વિર્સજન કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૯:** વાપીના દમણગંગા નદી કિનારે આવેલ ડેમ પાસે ચાલતા વિકાસના કામને ધ્યાને લઈ વિસર્જન કાર્ય બંધ રાખવાની જાહેરાત કરાઈ હતી પરંતુ વહીવટી તંત્ર દ્વારા છેલ્લા ત્રણ દિવસ અહીં ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટેની જાહેરાત કરતા જ અનંત ચૌદસના દિવસે ૧૩૮થી વધુ ગણેશ મંડળો દ્વારા તેમની નાની મોટી શ્રીજીની પ્રતિમાનું અહીં ઈમર્જન્સી રેસ્કયું ટીમના સહયોગથી વિસર્જન કરાયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ વાપી જીઆઈડીસી અને વાપી ટાઉન તથા તેની આજુબાજુના વિસ્તારોમાં લગભગ મોટાભાગની ગણેશ ઉત્સવ દરમિયાન સ્થાપિત શ્રીજીની પ્રતિમાનું વિસર્જન દમણગંગા નદી કિનારે આવેલ ડેમ પાસેના ઘાટ પર તેમજ દમણના દરિયા કિનારે કરવામાં આવે છે પરંતુ આ વર્ષે વાપી જીઆઈડીસી ચાર રસ્તાથી દમણગંગા નદી સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની ગટરનું કામકાજ ચાલતું હોવાને લઈ આ વર્ષે અહીં વિસર્જન યાત્રા બંધ રાખવામાં આવી હતી અને જે અંગે રાતા ખાડી તેમજ નામધાની દમણગંગા નદી કિનારે વિસર્જન યાત્રા કરવાની વ્યવસ્થા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી પરંતુ આ ગટરનું કામગીરી તેમજ દમણગંગા નદીમાં ઉતરવા માટેના પગથિયાની કામગીરી પૂર્ણ થતા જ વહીવટી તંત્ર દ્વારા અહીં છેલ્લા ત્રણ દિવસમાં ગણેશ વિસર્જનની કામગીરી કરવાની પરમિશન આપવામાં આવતા અહીં માત્ર ગણતરીના ગણેશ ભક્તો દ્વારા તેમની સ્થાપિત શ્રીજીની પ્રતિમાને લઈ જઈ નદી પાસે બનાવવામાં આવેલ નિયમ અનુસાર પોલીસ, ફાયર વિભાગ ટીમ અને વાપીના ચણોદ ખાતે રહેતા તેમજ ખાનગી એનજીઓ ચલાવતા મુકેશભાઈ ઉપાધ્યાયની ઈમરજન્સી રેસ્કયું ટીમના સભ્યો દ્વારા અહીં આવતી તમામ શ્રીજીની પ્રતિમાને પોતે લઈ જઈ નદીમાં વિસર્જન કરવાની કામગીરી કરવામાં આવી હતી જે અંતર્ગત તેઓએ અનંત ચૌદસના દિવસે ૧૩૮ જેટલી શ્રીજીની પ્રતિમાઓનું અહીં વિસર્જન કરવામાં આવ્યું હતું. જે અંગે તેઓને સરકારી વહીવટી તંત્ર તેમજ વાપી ઉદ્યોગનગર પોલીસની ટીમ તેમજ ફાયર વિભાગ અને સ્વયંસેવકોની મદદ મળી હતી આમ વાપીના દમણ ગંગા નદી કિનારે છેલ્લા દિવસે ૧૩૮ જેટલી શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરાયું હતું.

## બીલીમોરામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા,તા.૧૯: બીલીમોરામાં ધારાસભ્ય નરેશ પટેલ તથા અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગુરુવારે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું.

મજબૂત અને સુવર્ણ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય પર જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી નવસારી અને નવસારી જિલ્લા માધ્યમિક શાળા વિજ્ઞાન મંડળના સયુંકત ઉપક્રમે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એલએમપી રેવા એક્સપરીમેન્ટલ હાઈસ્કૂલ અને શેઠ શ્રી એમસીઝેડ શાહ હાયર સેકન્ડરી સ્કૂલમાં ગુરુવારે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. જેમાં વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં ૪૮ શાળાઓએ ભાગ લીધો હતો અને ૧૦૩ કૃતિઓ સુંદર રીતે પ્રદર્શિત કરાઇ હતી. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં 'ખોરાક, સ્વાસ્થ્ય અને આરોગ્ય', પ્રત્યાયન અને પરિવહન, કુદરતી ખેતી, મેથેમેટિકલ મોડેલિંગ અને કોમ્પ્યુટેશનલ થીંકીંગ, આપત્તિ વ્યવસ્થાપન તથા વેસ્ટેજ કચરાનું વ્યવસ્થાપન પાંચ વિભાગમાં વર્ણવાયું હતું. કાર્યક્રમમાં બીવીકે મંડળના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ અમીન, મેનેજિંગ ટ્રસ્ટી હૃદયનાથ પટેલ, નરેશભાઈ નેમાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ભરતભાઈ અમીન સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય કેતન પટેલ તથા શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. બીલીમોરા વિસ્તારની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ એ બાળ વૈજ્ઞાનિકો એ તૈયાર કરેલી વિવિધ કૃતિઓ નિહાળી ભરપૂર પ્રશંસા કરી હતી.

### બોગસ ડિગ્રી ધરાવતા ઉંટવૈદોનાં દવાખાના બંધ કરાવવા

## ડાંગ જિલ્લામાં આપ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૧૯:** ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા દવાખાનાની તપાસ થાય તો કેટલાક ગેરકાયદેસર રીતે ચલાવતા ડિગ્રી વગરના ડોક્ટર ઝડપાય તેમ છે. ત્યારે ડાંગ જિલ્લામાં બોગસ ડિગ્રીવાળા ડોક્ટરોથી ધમધમતા દવાખાના બંધ કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. ડાંગ જિલ્લાનાં આમ આદમી પાર્ટીના પ્રમુખ તથા મહામંત્રી અને ઓ.બી.સી પ્રમુખનાઓએ સુબિર તાલુકામાં ગેરકાયદેસર ચાલતા દાવાખાનાની તપાસ કરી હતી. જેમાં મેડીકલ તથા દર્દીને ઈલાજ કરવા માટેનું સરકાર માન્ય રજીસ્ટ્રેશન ન હોય તથા ડિગ્રી વગરનાં ડોકટરનાં નામ સામે આવ્યા હતા. ડાંગ જિલ્લામાં બોગસ ડોક્ટરો હોવાનાં પગલે જે તે સ્થળોએ દવાખાનાનો સૂચક બોર્ડ લગાવવામાં આવેલ નથી અને ત્યાં અમુક ડોકટરો કે જેમને હોમ્યોપેથીકનો અભ્યાસ કરેલ છે તેઓ એલોપેથિક પ્રેક્ટિસ કરી રહ્યાનું જાણવા મળી રહ્યુ છે. ત્યારે આ એલોપેથિકની ડીગ્રી વગરનાં ડોક્ટરો ડાંગ જિલ્લાની અભણ પ્રજાને ગેરમાર્ગે દોરીને તેમની સારવાર કરી રહ્યા છે. આ બોગસ ડોક્ટરો દ્વારા વાપરવામાં આવતી દવાને કારણે આડ અસર થઈ તો જવાબદાર કોને ઠરાવવા તે પણ પ્રશ્ન બની ગયો છે. તેમજ આ બોગસ ડોક્ટરો દ્વારા આદિવાસી પ્રજા પાસેથી ખુલ્લી લૂંટ ચલાવી લેવામાં આવતી હોય છે. ત્યારે તાત્કાલિક ધોરણે આ અંગેની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

## રાહુલના અનામત અંગે અમેરિકામાં આપેલ નિવેદન સામે ધરમપુરમાં આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ધરમપુર,તા.૧૯:** કરાયેલ રજૂઆતમા લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલ ગાંધીએ અમેરિકાનો પ્રવાસ કર્યો હતો અને ત્યાં ભારત વિરોધી શક્તિઓ અને જુથો સાથે બેસીને ભારત વિરોધી અને હિન્દુત્વ વિરોધી નિવેદનો કર્યા અને ખુલાસો કર્યો કે તેઓ લોકસભામાં વિરોધપક્ષના નેતા નથી, પરંતુ ભારત વિરોધી નેતા છેનો રજુ કરાયેલ આવેદનમા જણાઈ આવ્યુ હતુ.

તે ઉપરાંત રાહુલ ગાંધીએ અમેરિકામાં જે પ્રવચન રજૂ કર્યું છે તે ભારત વિરોધી, અલગતાવાદી, વિનાશક અને હિન્દુત્વનું અપમાનજનક છે. રાહુલ ગાંધીની ભાષા હિંદુ દેવી-દેવતાઓ પ્રત્યે અપમાનજનક હતી. રાહુલ ગાંધીએ અમેરિકામાં એક પછી એક ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે જેના કારણે ભારતીયોની લાગણી દુભાય છે જે રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૪૦૦નો આંકડો પાર કરશે તો બંધારણ બદલી દેશે અને અનામત ખતમ કરી દેશે એ જ રાહુલ ગાંધીએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે તેમની માનસિકતા અનામતની વિરુધ્ધ છે, તે સાબિત કરતાં અનામતની જોગવાઈ સામે તેમનો પૂર્વગ્રહ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથેની તેમની વાતચીત દરમિયાન ખુલ્લેઆમ બહાર પાડયો, તેમણે તેમની સ્પીચમાં જણાવ્યું કે; જયારે ભારત ભેદભાવમુક્ત દેશ બનશે ત્યારે કોંગ્રેસ આરક્ષણ ખતમ કરી દેશે. આરક્ષણ હવે એવું નથી કારણ કે, દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને યોગ્ય ભાગીદારી મળી રહી નથી.

આ સાથે જ અનામત સામેનો પૂર્વગ્રહ જે રાહુલ ગાંધી પાસે પુષ્કળ પ્રમાણમાં છે, તે અમેરિકામાં પ્રતિબિંબિત થયો છે. કોંગ્રેસ નેતાનું બંધારણ બચાવવા અને અનામત બચાવવાની ઝુંબેશ એક ચર્ચા સિવાય બીજું કંઈ નથી. તેમજ તેમણે ભારતની બહાર જઈને આરક્ષણ વિશે વાત કરવાની કોઈ જરૂર નથી.

જો કોંગ્રેસ કોઈ પણ રીતે અનામતની જોગવાઈ સાથે છેડછાડ કરવાનો અથવા તેને રદ કરવાનો પ્રયાસ કરશે, તો ભાજપ તેનો સખત વિરોધ કરશે.

## હોન્ડના યુવકે ફાંસો ખાય આત્મહત્યા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૧૯:** ચીખલીના હોન્ડ ગામે એક યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાય મોતને વ્હાલું કરતા આ વિસ્તારના રહીશોમાં ગમગીની ફેલાઈ જવા પામી છે.

ચીખલી નજીકના હોન્ડ ગામના ઝંડા ચોક ફળિયામાં રહેતા જીગ્નેશ રાજુભાઈ હળપતિ ઉ.વ.૨૪ જેની પત્ની પિયર જતા રાત્રે પોતાની માતા સાથે જમીને નિરાંતે બેઠા હતા દરમિયાન જીગ્નેશ ઘરની પાછળ બાથરૂમ જવા ગયેલ અને થોડા સમય બાદ ઘરની બાજુમાં રહેતી એક મહિલાએ આવીને તેની માતાને જણાવેલ કે તમારા ઘરના પાછળના ભાગે આવેલ પતરાના શેડ નીચે કોઈ માણસ ઉભો છે તેમ જણાવતા જીગ્નેશ ની માતાએ મોબાઈલની લાઈટ વડે પતરાના શેડમાં જઈને જોતા પોતાનો દીકરો જીગ્નેશ લોખંડની એંગલ સાથે સફેદ દોરડા વડે ગળે ફાંસો ખાધેલ હાલતમાં હોય જેને લઈ બુમાબૂમ કરતા આજુબાજુ માંથી માણસો ભેગા થઈ જઈ ૧૦૮ ની સુવિધા મારફતે હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે જીગ્નેશ હળપતિને મરણ ગયેલ હોવાનું જણાવ્યું હતું બનાવ અંગેની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ એચએસ પટેલ કરી રહ્યા છે.

(પાના નં.૮નું ચાલુ...)

**કપરાડામાં લગ્નની લાલચે ....**

ધરમપુરના પૉક્સો ઍક્ટ હેઠળના સ્પેશીયલ જજ શ્રી એમ એ મિર્ઝાએ ૧૬ વર્ષીય કિશોરીને સાથે વારંવાર દુષ્કર્મ કરી બાળક જન્મવાની દેનાર ચાર સંતાનના પિતા એવા આરોપી સતીશ સીત્યાભાઈ વાજવડીયા ઉંમર વર્ષ ૩૦ ને ડી જી પી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી દોષિત જાહેર કરી આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને ૨૫ હજાર રૂપિયા નો દંડ ભરવો દંડ નહિ વધુ છ માસની સાદી કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. ભોગ બનનાર સગીરાને ત્રણ લાખ રૂપિયા રૂપિયા વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

(પાના નં.૮નું ચાલુ...)

**અમેરિકામાં રાહુલના........**

જયારે ભારત ભેદભાવયુક્ત દેશ બનશે ત્યારે કોંગ્રેસ આરક્ષણ ખતમ કરી દેશે. આરક્ષણ હવે એવું નથી કારણ કે, દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને યોગ્ય ભાગીદારી મળી રહી નથી.આ સાથે જ અનામત સામેનો પૂર્વગ્રહ જે રાહુલ ગાંધી પાસે પુષ્કળ પ્રમાણમા છે, તે અમેરિકામાં પ્રતિબિંબિત થયો છે. કોંગ્રેસ નેતાનું બંધારણ બચાવવા અને અનામત બચાવવાની ઝુંબેશ એક ચર્ચા સિવાય બીજું કંઈ નથી. તેમજ તેમણે ભારતની બહાર જઈને આરક્ષણ વિશે વાત કરવાની કોઈ જરૂર નથી.

પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ, ઈન્દિશ ગાંધી અને રાજીવ ગાંધી પણ અનુસુચિત જાતિ (SC). અનુસુચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગ (OBC) ના સભ્યોને અનામત આપવાના વિરુધ્ધ GAL આમ રાહુલ ગાંધી દ્વારા ખુબજ હલકી કક્ષાનું અને એક ભારતના નાગરિકને ના શોભે તેવું અણછાજતું વર્તન કર્યું છે જે ખૂબ નિદનીય છે. જેથી હમો સમસ્ત આદિવાસી મોરચા ના લોકો રાહુલ ગાંધી અને કોંગ્રેસના વિરુધ્ધમાં આવેદનપત્ર આપીએ છીએ અને આવેદન આપી અમે ચેતવણી આપવા માંગીએ છીએ કે, જો કોંગ્રેસ કોઈ પણ રીતે અનામતની જોગવાઈ સાથે છેડછાડ કરવાનો અથવા તેને રદ કરવાનો પ્રયાસ કરશે, તો ભાજપ તેનો સખત વિરોધ કરશે.


**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

NOTICE

Purpose: Report u/s 8 of the RFCTLARR Act, 2013 Asphalting to road from Silvassa Khanvel main Road to Ayyappa Temple upto New Circuit House.

Village: Silvassa.

Social Impact Notification No. LAQ/SMC/SKMR-AT-NCH/27/2019/358 Dated: 13/09/2024

Note: Details can be downloaded from https://cdn.s3waas.gov.in/s35878a7ab84fb43402106c575658472fa/uploads/2024/01/2024011734.pdfor by scanning the QR code.

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.IP/DMN/2/5/2024-25/675 DATED : 19/9/2024



**CHANGE OF NAME**

**OLD NAME-**
VIBHUTIBEN
BALVANTSINH PARMAR
**NEW NAME-**
VIBHUTIBEN
RAKESHKUMAR DESAI
**ADDRESS-**
LAXMIKRUPA,
BRAHMAN FALIYA,
NAROLI, UT OF DADRA
AND NAGAR HAVELI &
DD













દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Friday 20, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## ઓવાડામાં ચૂંટણીની અદાવતમાં ત્રણ પર જીવલેણ હુમલો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૯ :** ઓવાડા ગામે ગણપતિ વિસર્જનમાં રસ્તા પર વાહનો મુકવા તેમજ ચૂંટણીની જૂની અદાવતને લઈ આજરોજ સવારે માતા અને બે પુત્રોએ ફળિયામાં રહેતા ત્રણ વ્યક્તિને સળિયા તેમજ લાકડાના ફટકા મારી ઈજા પહોંચાડતા વલસાડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે મા અને બે દીકરા મળી કોઈ ત્રણ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધની આગળની તપાસ હાથ ધરી છે.

વલસાડ તાલુકાના ઓવાડા ગામના ભવાની ફળિયામાં રહેતી સરલાબેન ભીખુભાઈ કોળી પટેલે આજરોજ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ફળિયામાં રહેતી તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ ગામમા ગણપતિ વિસર્જન દરમ્યાન ભાવેશભાઇ પરાગભાઇ પટેલ તથા ફળીયાના બીજા વ્યકિતઓ વચ્ચે રસ્તામાં મુકેલ વાહન બાબતેની બોલાચાલી થયેલી હોવાથી તેને લઇ કંચનબેન પટેલ મને ગમે તેમ ગાળો આપતી હોવાથી આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે ભાવેશભાઇ પરાગભાઈ કો.પટેલ (૨) મનીષભાઇ પરાગભાઇ કો.પટેલ (૩) કંચનબેન પરાગભાઇ કો.પટેલ સાથે ગણપતિ વિસર્જન તથા અગાઉ ગામમા થયેલ ચૂંટણીમાં મારા ઘરના સભ્યોએ બીજા પક્ષને સપોર્ટ કરેલ હોવાની શંકા અદાવત રાખી હાથમાં લાકડા તથા લોખંડની પાઇપ લઇને ઘરે દોડી આવી ચંદનબેન અરવિંદભાઇ પટેલ, દેરાણી નેહાબેન રમેશભાઇ પટેલને મારવા અને ગાળો આપતા હતા. તે દરમિયાન મોટરસાયકલ પર ઘરે આવતા ભીખુભાઈ પટેલને અટકાવી ભાવેશ પટેલના હાથમાં રહેલ લોખંડનો પાઇપ તેના પગમાં ફટકો મારી દીધો જ્યારે મનીષ પટેલે એના હાથમાં લાકડાથી માર્યો હતો. કંચનબેને ભીખુભાઈને તેમજ ચંદનબેનને મનીષભાઈ પટેલે આંખમાં રહેલ લાકડા વડે ફટકો માર્યો હતો. ભીખુભાઈને ઢીક્કા મૂકીનો માર માર્યો, દિયર અરવિંદભાઈ રવજીભાઈ પટેલ બચાવવા જતા ભાવેશે તેને થાપાના ભાગે ફટકો મારતા આજુબાજુના લોકો દોડી ગયા હતા. ત્રણે જણાએ ધમકી આપી કે આજે બચી ગયા પરંતુ અમારી સામે આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જો કે ઘાયલ થયેલા ત્રણેયને ખાનગી કારમાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં સરલાબેન પટેલે આરોપી ભાવેશ પરાગભાઈ કોળી પટેલ, મનીષ પરાગભાઈ કોળી પટેલ અને કંચનબેન પરાગભાઈ કોળી પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.આઈ. જીત્યા કરી રહ્યા છે.

## વલસાડ જિલ્લામાંથી સંઘપ્રદેશ જતા વિદ્યાર્થીઓને બસ પાસ આપો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૯:** વલસાડ જિલ્લામાંથી દમણ, દાનહના સેલવાસમાં અભ્યાસાર્થે જનાર વિદ્યાર્થીઓને રાહતદરે બસ પાસ કાઢિ આપવા માટે વલસાડ જી.પં.ની કારોબારી સમિતિ અને શિક્ષણ સમિતિ સભ્ય શૈલેશકુમાર રઘુભાઈ પટેલે ગૃહ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને આવેદન પાઠવ્યું હતું.

વલસાડ જિલ્લામાંથી હજારો ગરીબ આદિવાસી અન્ય જાતિનાં વિદ્યાર્થીઓ દમણ-દાદરાનગર હવેલી ખાતે શાળા કોલેજોમાં અભ્યાસ કરવાજાય છે. એઓને વર્ષોથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ એસટી બસમાં રાહત દરે બસ પાસ આપતા આવેલ હતા પરંતુ એક વર્ષથી વિભાગીય નિયામક વલસાડ એન. એસ. પટેલ દ્વારા બસ પાસ બંધ કરવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને આર્થિક નુકસાન થાય છે જેનાથી ભણતરમાં અસર થાય એમ છે.

ગુજરાત રાજ્યના અમરેલી વિભાગના ગીર સોમનાથ જિલ્લામાં ઉના તાલુકાથી દીવમાં અભ્યાસાર્થે જનાર વિદ્યાર્થીઓને રાહત દરે બસ પાસ આપવામાં આવે છે જેની નકલ સામેલ છે. પણ વલસાડથી દમણ માટે આ યોજના બંધ કરી છે.

## વલસાડ જિલ્લામાં ભાજપ ૫ લાખ સભ્યોની નોંધણીનો લક્ષ્યાંક આમ પાર કરશે?

**જિલ્લામાં દરેક વિસ્તારમાં ડગલેને પગલે અતિશય બિસ્માર બની ગયેલા રસ્તાઓથી લઈને અનેક પ્રકારની નાની મોટી સમસ્યાઓ બાબતે આમ જનતા ત્રાહિમામ પોકારી ગયેલી છે અને ચૂંટણીમાં મતદાન માટે પેજ પ્રમુખો અને કમિટીમાં સક્રિય કાર્યકર્તાઓને શોધી રહી છે કે આ લોકોની ફોજ હવે ક્યાં ભૂગર્ભમાં ઉતરી ગઈ છે? અને આ જનમાનસને ગ્રાઉન્ડ ઉપર ઓળખનારા કાર્યકર્તાઓ કોઈને પણ ભાજપના સભ્યપદની ઓફર કરતા ધ્રુજી રહ્યા છ**

વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીનો રેકોર્ડ ધરાવતા ભારતીય જનતા પક્ષે હાલમાં એના સભ્યોની નોંધણી માટેનું રિફ્રેશ બટન દબાવેલું છે અને ભાજપ આગામી ૩૧મી ઓક્ટોબર સુધી એના ઓન મોડમાં સક્રિય રહેવાનું છે. સ્વભાવિક છે કે રેકોર્ડ બ્રેક સભ્યો નોંધાય એ એનો લક્ષ્યાંક હોય પરંતુ આપણા વલસાડ જિલ્લાની વાત કરીએ તો જિલ્લામાં સભ્ય નોંધણી ઝુંબેશ ખાસ કરીને ધરમપુર વિસ્તારમાં વિવાદના વંટોળે ચઢી છે અને ભાજપના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ એ વંટોળમાં આવી ગયા છે. ધરમપુર તાલુકા પંચાયતમાં માજી કારોબારી અધ્યક્ષ રહી ચૂકેલા કોંગ્રેસી આગેવાન રાજેશ પટેલ અને જિલ્લા કોંગ્રેસના સેવાદળના પ્રમુખ રમેશ પટેલે તેમની સાથે છેતરપિંડી કરીને કે ભ્રમજાળમાં ફસાવીને ખોટી રીતે ભાજપના સભ્યપદે નોંધી દીધા હોવાના સનસનાટીભર્યો આક્ષેપ કર્યા છે. અને જો આ સભ્યપદ રદ નહીં થાય તો કાર્યવાહીની ધમકી આપી છે. હવે જોવા જેવું એ છે કે, ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકે નોંધાવવા માટે જે કોઈની ઈચ્છા હોય તેણે ભાજપના જાહેર કરેલા ટોલ ફ્રી નંબર પર એક મિસ કોલ કરવાનો થાય છે. આ મિસકોલના પગલે એને એક લિંક અને ઓટીપી પ્રાપ્ત થાય છે. ત્યારબાદ સભ્ય બનવા ઈચ્છનારે પોતાના નામ, મોબાઈલ નંબર, ઈમેલ, જન્મ તારીખ, વિસ્તાર વગેરે માહિતી આપવાની હોય છે અને પોતે ભાજપના સભ્યપદે જોડાવા માંગે છે એવી સંમતિ પણ આપવાની થાય છે અને પોતાનો એક ફોટો પણ અપલોડ કરવાનો થાય છે. આ કર્યા પછી એક બીજી લીંક મળે છે, જેમાંથી ભાજપનાં સભ્ય તરીકેનું ઓળખપત્ર એ નોંધનારને પ્રાપ્ત થાય છે. હવે સભ્ય નોંધણીની આ આખી પ્રક્રિયા કોંગ્રેસી આગેવાનોના ફોનથી ધારાસભ્ય અરવિંદભાઈએ કરી લીધી એવો આક્ષેપ છે. સ્વભાવિક છે કે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે એ આક્ષેપ ફગાવી દીધો છે. અને સ્વેચ્છાએ ભાજપમાં જોડાયા પછી દબાણ આવતા હવે આ સભ્યો જુદી વાત કરી રહ્યા છે એવું જણાવી રહ્યા છે. હવે ભાજપના સભ્ય નોંધણી અભિયાનમાં આવા કોઈ બખડજંતર ચાલતા હોય તો એ વિશે તો કોઈ શું કહી ન શકે પરંતુ હાલમાં પરિસ્થિતિ એવી છે કે, ભાજપમાં સક્રિય કે સામાન્ય સભ્ય તરીકે ત્રણ વર્ષ માટે નોંધાયેલા સભ્યો, જેમણે પણ ફરીથી પોતાનું સભ્યપદ નોંધાવવાનું છે તેઓ આ બાબતમાં ઉદાસીનતા દાખવી રહ્યા હોય એવી સ્થિતિ છે. ભાજપમાં કોઈ વ્યક્તિ પ્રાથમિક સભ્ય બને અને પછી જો એ ૧૦૦ સભ્યો નોંધે તો એને સક્રિય સભ્યની ૩૦૦ રૂપિયાની ફી ભરીને સક્રિય સભ્ય બનાવી શકાય છે અને એ સભ્ય પછી પક્ષની ગતિવિધિઓમાં સત્તાવાર રીતે કામકાજ કરી શકે છે. પણ પાછલા ઘણા વખતથી




ભાજપા ના કમળના ચિન્હનું જાણે કોંગ્રેસના પંજામાં રૂપાંતરણ થતું હોય એવી સ્થિતિ છે. અર્થાત ભાજપમાં જૂના સક્રિય અને સમર્પિત કાર્યકર્તાઓ માટે ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો.. જેવી સ્થિતિ સર્જાયેલી છે. એનાથી એક પ્રકારની ઉદાસીનતા અને હતાશા પણ છે. તેથી ભાજપ માટે નિષ્ઠા ધરાવતા કાર્યકર્તાઓ પણ સભ્ય નોંધણી ઝુંબેશમાં મન મૂકીને કામ કરતા ન હોવાની વાત પક્ષમાં જ ચાલી રહી છે. જુના કાર્યકર્તાઓને પડખે મૂકીને હોદ્દેદારો તથા જન પ્રતિનિધિઓ પણ એમની આસપાસ, આજકાલમાં આવેલાંઓને જ પ્રાધન્ય કે મહત્વ આપી રહેલા હોવાનું અનુભવી પોતાની અવગણના થઈ રહી હોવાનું માની રહ્યા છે. ચૂંટણી વખતે તો ઠીક છે પણ લોકસભાની ચૂંટણી પતી ગયા પછી આમ કાર્યકર્તાઓમાં આ લાગણી વધુ ઘેરી બની છે. અધૂરોમાં પૂરું જિલ્લામાં દરેક વિસ્તારમાં ડગલેને પગલે અતિશય બિસ્માર બની ગયેલા રસ્તાઓથી લઈને અનેક પ્રકારની નાની મોટી સમસ્યાઓ બાબતે આમજનતા ત્રાહિમામ પોકારી ગયેલી છે અને ચૂંટણીમાં મતદાન માટે કાલાવાલા કરતાં પેજ પ્રમુખો અને કમિટીનાં સક્રિય કાર્યકર્તાઓને શોધી રહી છે કે, આ લોકોની ફોજ હવે ક્યાં ભૂગર્ભમાં ઉતરી ગઈ છે? અને આ જનમાનસને ગ્રાઉન્ડ ઉપર ઓળખનારા કાર્યકર્તાઓ કોઈને પણ ભાજપના સભ્યપદની ઓફર કરતાં ધ્રુજી રહ્યા છે કારણકે એવું પણ સણસણતું સાંભળવા મળ્યું છે કે, ભાજપ આ પહેલા લોકોની સમસ્યાઓ પર ધ્યાન આપે પછી કોઈને સભ્ય બનાવવા નીકળે ! ભાજપના મોવડીઓએ સામાન્ય કાર્યકર્તાની આ મૂંઝવણ અને સમસ્યાનો કોઈ ઉકેલ દર્શાવ્યો નથી એ એનાથી મોટી મૂંઝવણ છે. બીજું, ભાજપના જિલ્લાના સક્રિય કાર્યકર્તાઓમાં આજકાલથી નહીં પણ લાંબા સમયથી સતત અવગણનાની લાગણી પણ ઘર કરી ગયેલી છે. જિલ્લાકક્ષાએ અનેક કમિટીઓ રચવાની થતી હોય છે અને એમાં સભ્યો તરીકેની નિમણૂક રાજકીય ભલામણોથી થતી હોય છે એમાં પણ સક્રિય કાર્યકર્તાઓની પ્રતિનિધિરૂપ નિમણૂક થતી ન હોવાની વાત ઘૂમરાતી રહી છે. આજ વાત પક્ષના સંગઠન અને એની અનેક પાંખોમાં થતી નિમણૂકો બાબતે પણ છે.

વલસાડ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના વિસ્તારમાં હાલ જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાની આગેવાનીમાં સભ્યો નોંધણી ઝુંબેશ ચાલી રહી છે અને દરેક વિસ્તારમાં ઓછામાં ઓછા એક લાખ સભ્યો નોંધવાનો જંગી ટાર્ગેટ અપાયેલો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અત્યાર સુધીમાં સવા લાખ જેટલા સભ્યોની નોંધણી કરી દેવામાં આવી છે અને આગામી ૪૦ દિવસમાં પાંચ લાખ સભ્યોની નોંધણીનો લક્ષ્યાંક પૂર્ણ કરી દેવાશે એવી આશા રખાઈ રહી છે. ત્યારે એ જાણવું રસપ્રદ છે કે, છેલ્લે વલસાડ જિલ્લા ભાજપમાં કુલ ૧,૨૮,૦૬૮ સભ્યો હતાં જેમાં પ્રાથમિક સભ્યોની સંખ્યા ૧,૨૪,૬૩૦ અને સક્રિય સભ્યોની સંખ્યા ૩૪૩૮ હતી. હવે છેલ્લી લોકસભાની ચૂંટણીમાં ભાજપાને મળેલા જનસમર્થનને ધ્યાનમાં લઈએ તો ભાજપાના ઉમેદવાર ધવલભાઈ પટેલને કુલ મતદાનમાંથી ૫૬.૧૩ ટકા એટલે કે ૭,૬૪,૨૨૬ મતો મળ્યા હતાં. અર્થાત કમસેકમ જિલ્લામાં ભારતીય જનતા પક્ષ માટે કૂણી લાગણી ધરાવનારા એટલા લોકો તો છે પણ આ મતદારોમાંથી પણ પાંચેક લાખ લોકો ભાજપના પ્રાથમિક સભ્ય બને એ વાત વિચારવી પડે એમ તો છે જ. એટલે વલસાડ જિલ્લામાં પ્રજા અને ખુદ ભાજપના સમર્થકોમાં ભાજપ માટે બદલાઈ રહેલા પવનને મોવડી મંડળ નહીં પારખે તો એમનો પાંચ લાખ સભ્યો નોંધવાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવો જિલ્લા ભાજપ માટે કઠિન પ્રશ્ન બની રહે એવી તમામ શક્યતા હાલ જણાઈ રહી છે.

## ભાગડાવડામાં જુની અદાવતમાં હુમલા પ્રકરણમાં ચારને પાંચ વર્ષની કેદ અને દંડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૯:** નવ વર્ષ અગાઉ વલસાડ નજીકના ભાગડાવાળા ગામે આવેલી સરકારી પોલીટેકનીક કોલેજ પાસે જૂની અદાવત રાખીને ભગડાવાળા ગામના નવીનગરીમાં રહેતા ૨૬ વર્ષીય યુવાનને સ્ટમ્પ અને કુહાડાના ફટકા મારી શરીરે ઈજા કરી નીચે રોડ પર પાડી દઈ શરીર પરથી મારુતિ વાન ફેરવી જીવલેણ હુમલો કરવાની ઘટનામાં વલસાડની કોટે ભાગડાવાડા ગામના ૪ આરોપીઓને પાંચ વર્ષની સખત કેદ અને ૧૦૦૦ રૂપિયાનો દંડ ભરો અને દંડ નહીં ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે.

વલસાડ નજીક આવેલા ભાગડાવડા ગામમાં નવી નગરીમાં સુનીલ સુખાભાઈ રાઠોડ, ઉ. વ.૨૬ રહે છે. સુનિલ રાઠોડ તેમનાં કાકા, ભાઈ રાજુભાઇ નવીનભાઇ રાઠોડ સાથે ટેમ્પો નં.જીજે ૨૩/ડબલ્યુ/૫૨૭૯ લઇને તા.૧૦/૦૭૨૦૧૫નાં રોજ બપોરે ૨ વાગ્યે ગયા અને બપોરે ૩.૩૦ વાગ્યે લાકડાં ભરી પરત આવી રહ્યાં હતાં તે દરમિયાન વલસાડના કોસંબા રોડ પર સરકારી પોલીટેકનીક કોલેજ પાસે રોડ ઉપર દિપકભાઈ ફકીરભાઈ કુંકણા, ભાવેશભાઈ શંકરભાઈ પટેલ, મિતેશભાઈ નવીનભાઈ પટેલ, રાજુભાઈ અમ્રતભાઇ દેશમુખ તમામ રહે. કોસંબા રોડ, ભાગડાવડા, નવીનગરી, વલસાડ મારુતી વાન નં. જી જે ૧૫/સી.બી./૩૮૮૪માં આવી ટેમ્પાની આગળ મારુતી વાન લાવી દેતા ટેમ્પો ચાલક રાજુભાઈએ ટેમ્પો ઉભો રાખતા ચારેય ઈસમો ઉસ્કેરાઈ જઈ રાજુભાઈને કહ્યું કે તું રાતના મને આંખો ફાડીને કેમ જોતો હતો. તેમ કહેતા રાજુભાઈ ટેમ્પા નીચે ઉતરતા જ રાજુ અમ્રતએ જોરથી તમાચો મારી દેતા રાજુભાઈના મોઢામાંથી લોહી નિકળતા અન્ય ઈસમોમાં મિતેશે રાજુભાઈને કમરના ભાગે સ્ટમ્પ માર્યું કે બાદ ચારેય ઈસમોએ સ્ટમ્પ વડે રાજુભાઈને માર માર્યો જે બાદ ટેમ્પાના લાકડા કાપવા માટે કુહાડી મૂકી હતી તે રાજુભાઈ સ્વ બચાવ માટે કુહાડી માટે ઝપાઝપી થઈ હતી. જે બાદ ઈસમ રાજુ અમ્રત એ કુહાડી ખેંચવા જતા ટેમ્પો ચાલક રાજુભાઈના હાથમાં ઈજા થતા કુહાડી નીચે પડી ગઈ હતી. કુહાડી દિપકે ઊંચકીને રાજુભાઈને મોઢા ઉપર ઘા કરતા એના મોઢા ઉપર ઈજા થઈ હતી. જમીન પર પડેલા રાજુભાઈ ઉપર દીપકભાઈએ પોતાની મારુતિ વાન નં.જીજે.૧૫/ સીબી./૩૮૮૪ રાજુભાઇના શરીર ઉપર બે વખત ફેરવીને જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી, રાજુભાઈના બંને પગ અને બંને હાથમાં કુહાડીના ફટકા મારી તોડી નાખતા લોકો દોડી આવતા ચારેય ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત રાજુભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચારે આરોપીની પોલીસે ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. જે અંગેનો કેસ વલસાડની સત્ર ન્યાયાધીશની અદાલતમાં ચાલતા બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ એજીપી ભરતભાઈ પ્રજાપતિની દલીલોને ગ્રાહ્ય રાખી સત્ર ન્યાયાધીશ વી.કે. પાઠકે આરોપી દિપકભાઈ ફકીરભાઈ કુંકણા, ભાવેશભાઈ શંકરભાઈ પટેલ, મિતેશભાઈ નવીનભાઈ પટેલ, રાજુભાઈ અમ્રતભાઈ દેશમુખ તમામ રહે.કોસંબા રોડ, ભાગડાવડા, નવીનગરી તા. જી. વલસાડને પાંચ વર્ષની સખત કેદ અને ૧૦૦૦ રૂપિયાનો દંડ ભરવો, દંડ નહીં ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે.

## વલસાડ હાજી માર્કેટની કોમન જગ્યામાં ત્રણ દુકાનોનું દબાણ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૯ :** વલસાડના નાસિક તિથલ સ્ટેટ હાઈવે પર આવેલ હાજી માર્કેટ શોપિંગ સેન્ટર ૧૬ વર્ષથી ખુલ્લી રહેલી કોમન જગ્યામા બાંધકામ શરૂ કરતાં દુકાનદારોએ વલસાડ કલેકટર, નગરપાલિકા, સીટી સર્વેયર, પ્રાંત અધિકારી, સ્ટેટ હાઈવેને લેખિત રજૂઆત કરતા બાંધકામ અટકાવી દીધા બાદ આ જગ્યા પર નેટ બાંધી ૩ જેટલી દુકાનો ઊભી કરી છે.

વલસાડ શહેરના નાસિક તિથલ સ્ટેટ હાઈવે પર સીટી સર્વે નંબર ૪૨ ૩૬ /અ વાળી જગ્યા આવેલી છે. આ જગ્યા પર હાજી માર્કેટ નામની ગ્રાઉન્ડ ફોર સાથે ત્રણ માળની અલગ અલગ ત્રણ બિલ્ડીંગ ૧૯૭૧ માં બનાવવામાં આવી હતી. હાજી માર્કેટની શોપિંગ સેન્ટરમાં ઉપર નીચે મળી કુલ ૩૨ દુકાનો આવેલી છે. આ હાજી માર્કેટ શોપિંગ સેન્ટર ૨૦૧૬માં દુકાનદારોએ મેન્ટેનન્સ નહીં કરાવતા જર્જરિત બની હતી. અને તે દુકાનો તૂટવા માંડતા હાજી અનુત માર્કેટ શોપિંગ સેન્ટરના દુકાનદારોએ અન્ય જગ્યાએ પોતાની દુકાનો લઈ ધંધો શરૂ કર્યો હતો. જર્જરીત હાજી માર્કેટ નામની શોપિંગ સેન્ટર ૨૦૧૬ માં તૂટી પડી હતી. આ શોપિંગ સેન્ટરમાં અલગ અલગ ત્રણ જેટલી જગ્યાઓ ખુલ્લી રાખવામાં આવી હતી. ૧૬ વર્ષ બાદ વલસાડ શહેરમાં ફરી આ શોપિંગ સેન્ટરની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે બાંધકામ કરવાનું શરૂ કરતાં હાજી માર્કેટ શોપિંગ સેન્ટરના દુકાનદારોએ જે અંગે વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર, વલસાડ જિલ્લા કલેકટર, વલસાડ પ્રાંત અધિકારી, વલસાડ સીટી સર્વેયર, સ્ટેટ હાઈવે અધિકારી સહિત અન્ય કચેરીના જવાબદાર અધિકારીઓને ગેરકાયદેસર બાંધકામ અટકાવવા માટે લેખિતમાં રજૂઆત કરતા બાંધકામ અટકાવી દીધું હતું. જો કે જે ફરીવાર આ જગ્યા ઉપર નેટ બાંધી ૩ જેટલી દુકાનો ઊભી કરી છે.

## નનકવાડામાં ટેમ્પામાંથી રૂ.૨ લાખના ડીજેના સાધનો ચોરાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૯ :** ગણપતિ વિસર્જન બાદ વલસાડના નાનકવાડા વાંકી નદી કિનારે પાર્ક કરેલા ડી.જે.ના બે ટેમ્પામાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો ટેમ્પામાંથી એમ્પ્લીફાયર સહિતના બે લાખથી વધુની માલસામાનની ચોરી કરતા ડીજે સંચાલકે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ આપી છે.

અનંત ચૌદસના દિવસે ગણેશ વિસર્જન કર્યા બાદ વલસાડ નજીકના નનકવાડા ગામ રહેતા ડીજે સંચાલક કેતનભાઇ નાયકાએ પોતાનો ડી.જે. ફીટ કરેલ ટેમ્પો નંબર જીજે૧૫ યુ. યુ. ૦૫૦૭ને નનકવાડા ગામ સિવિલ રોડ વાંકી નદી કિનારે રસ્તાની બાજુમાં ડીજે ઉપર તાડપત્રી બાંધી ટેમ્પાને પાર્ક કર્યો હતો. તે દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે રાત્રિના સમયે બે ટેમ્પા પર ચઢી તાડપત્રી કાપી એમ્પ્લીફાયર સહિતના અન્ય જરૂરી ઈલેક્ટ્રીક ચીજ વસ્તુઓ સામાન મળી બે લાખથી વધુની ચોરી અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ અરજી આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## કપરાડામાં લગ્નની લાલચે સગીરાને ભોગવનાર આરોપીને ૨૦ વર્ષની કેદ અને દંડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૯:** બે વર્ષ અગાઉ કપરાડાની ૧૬વર્ષીય સગીરા સાથે ચાર સંતાનો ધરાવતા પિતાએ લગ્ન કરવાની લાલચ આપી વારંવાર દુષ્કર્મ કરી સગીરાને ગર્ભવતી બનાવનારા કપરાડાના આરોપીને ધરમપુરની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ નહિ ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. ભોગ બનનાર સગીરાને ત્રણ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

કપરાડા તાલુકાના એક ગામમાં રાધિકા (નામ બદલ્યું છે) નામની સગીર યુવતી પરિવાર સાથે રહે છે. ગયા વર્ષ ઓક્ટોબર ૨૦૨૨માં સેલવાસના દાદરામાં આવેલી કંપનીમાં નોકરી કર્યા બાદ ૩૧-ડિસેમ્બરના રોજ વિસ્તારમાં રહેતા સંજયભાઈ સીત્યાભાઈ વાજવડીયા નામના યુવક સાથે પ્રેમ સંબંધ હોવાનો જણાવતા ઝઘડો કર્યો હતો અને માતા-પિતાએ પોતાની દીકરીને પૂછપરછ કરતા દીકરીએ કોઈ સંબંધ ન હોવાનું જણાવ્યું હતું જોકે જે બાદ દીકરીની નોકરીએ જવાનું બંધ કરાવી દીધી હતી. વર્ષ ૨૦૨૩માં માસિક ન આવતું હોવાથી પેટમાં દુખાવો થતા તેની બેને તેને કપરાડા સીએચસી હોસ્પિટલમાં તપાસ કરાવતા તે ગર્ભવતી હોવાનું જણાવ્યું હતું. દીકરીને તેણે જણાવ્યું હતું કે સંજયભાઈ સીત્યાભાઇ વાજવડીયા સાથે પ્રેમ સંબંધ હતો અને મોબાઈલ નંબરની આપ લે કરી મેસેજ ઉપર વાતચીત કરતા હતા જે બાદ સંજય મને ઘરમાં કોઈ ન હોય તે દિવસે અને રાત્રે મળતો જે બાદ સંજય વાજવડિયાએ લગ્ન કરવાની વાતો કરી ૨૦૨૨ જુલાઈ મહિનામાં પ્રથમ વખત ઘરના પાછળ શરીર સંબંધ બાંધ્યો હતો અને ઘરમાં હાજર કોઈ ન હોય ત્યારે શરીર સંબંધ બાંધતો હતો તેવી વાત કરી હતી. માતા પિતા તેમજ ગામના આગેવાનોએ સંજય વાજવડીયા સાથે બે ત્રણ વાર બેઠક કરી તેમ છતાં કોઈ નિર્ણય આવ્યો ન હતો. બેઠકમાં જાણવા મળ્યું કે સંજયના લગ્ન થયેલા અને પત્ની થકી ચાર બાળકો હોવાથી તેમ છતાં ૧૭ વર્ષીય સગીરને સગીરાને લગ્નની લાલચ આપી પ્રેમ જાળમાં ફસાવી અવારનવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી. અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી સંજય સીત્યા વાજવડીયા રહે. કપરાડા વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી હતી જે અંગેનો કેસ

(અનું. પેજ નં.૭ પર)

## વલસાડ સ્ટેશને ગુડ્સ સામે યુવકે પડતું મુક્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૯:** વલસાડ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૨ પરથી ગઈકાલે રાત્રે ૮:૦૦ કલાકે સ્ટેશન પર ઉભેલા મુસાફરો ટ્રેનની રાહ જોઈને ઉભા હતા. પ્લેટફોર્મર બે પરથી સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ નામની ટ્રેન પસાર થવાની તૈયારી હતી. તે દરમિયાન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેન વલસાડ રેલવે સ્ટેશન પરથી પસાર થતી વખતે એક અજાણ્યા યુવાન ટ્રેન નજીક આવતા તેની આગળ કૂદી પડી આત્મહત્યા કરી લેતા સ્ટેશન પર ઉભેલા મુસાફરોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેન આગળ કુદેલા યુવાન લાંબે સુધી ટ્રેનની અંદર ફસી ઘસડાયો હતો. ઘટનાની જાણ થતા રેલવે પોલીસની ટીમ દોડી ગઈ હતી. ટ્રેન આગળ પડતું મૂકી આત્મહત્યા કરનાર યુવાનીના પરિવારજનોની શોધખોળ રેલ્વે પોલીસે શરૂ કરી હતી.

## અમેરિકામાં રાહુલના નિવેદન અંગે ઉમરગામમાં આદિવાસી સમાજનું આવેદન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૯:** અમેરિકાના પ્રવાસ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આપેલા નિવેદનો સામે ઉમરગામ તાલુકાના આદિવાસી સમાજના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી તેઓના નિવેદનને વખોડી નારાજગી દર્શાવી હતી. અમેરિકા ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આપેલા નિવેદનોને આવેદન પત્રમાં ટાંકી આદિવાસી સમાજના આગેવાનો અને ભાજપ પ્રદેશ એસટી સેલ ઉપપ્રમુખ પ્રવીણભાઈ



ધોડીએ જણાવ્યું હતું કે નુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે તેમની માનસિકતા અનામતની વિરુધ્ધ છે, તે સાબિત કરતાં અનામતની જોગવાઈ સામે તેમનો પૂર્વગ્રહ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં જયોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથેની તેમની વાતચીત દરમિયાન ખુલ્લેઆમ બહાર પાડયો, તેમણે તેમની સ્પીચમાં જણાવ્યું કે

(અનું. પેજ નં.૭ પર)

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**